SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

October '2004



શ્રી ગણપતી વિસર્જન
વરઘોડાના દર્શન

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



એપ્રોચ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મહાપૂજાની આરતી ઉતારતા



ડિટ્રોઇટ (I.S.S.O. U.S.A.)ના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



હિંમતનગર મંદિરમાં સત્સંગસભા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા ભક્તજનો



ડિટ્રોઇટ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પૂ. મહારાજશ્રી



પ.ભ. પ્રફુલભાઈ(ન.ના.ફા.વાળા)ને ત્યાં પ.પૂ. મહારાજશ્રી મહાપૂજા વિધિ કરતાં



ડિટ્રોઇટમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય સભ્ય શ્રી અંકિત સભાને સંબોધન કરતાં



જેતલપુર મંદિરમાં અધિકમાસ પાટોત્સવના યજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા



જેતલપુર મંદિરમાં મહાપૂજામાં દિવ્ય લાભ આપતાં પ.પૂ. મહારાજશ્રી



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં : $ 100
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ ઓકટોબર - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	'દયા નથી' કે 'દયાનિધિ !'	૪
૪.	મોક્ષ પ્રાપ્તિ ધર્મકુળમાં રે	૫
૫.	ગુરુની શોધ	૬
૬.	ઉપનયન સંસ્કાર	૭
૭.	ઈમાનદારીનું ફળ	૯
૮.	સંધ્યા આરતી	૧૦
૯.	મહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ	૧૧
૧૦.	સંતોષનું મૂળ	૧૨
૧૧.	લક્ષ	૧૪
૧૨.	સાચુ સુખ સત્સંગના સગપણમાં - જેને શ્રીજીનો નિશ્ચય, તેને કહે તેમ કરે	૧૬
૧૩.	પંચામૃત	૧૯
૧૪.	મહાસુખનો મારગ	૨૦
૧૫.	સત્સંગ બાલવાટિકા (૧) મુઠી ન વાળવી	૨૨
૧૬.	પ્રશ્નપેટી	૨૩
૧૭.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

માનવ સમાજ ઉત્સવ પ્રિય છે અને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ ઉત્સવો અતિ પ્રિય છે. એટલે જ વારંવાર જન્માષ્ટમી, પ્રબોધીનિ, ફુલદોલોત્સવ, રામનવમી વિગેરે પવિત્ર પર્વના દિવસે મહારાજ મોટા મોટા સમૈયાઓ કરતા. આવા સમૈયાની પરંપરા જ આપણા મન બુદ્ધિ અને વિચારોને તાજા અને જીવંત રાખે છે. જેમ નદીમાં વહેતું પાણી હમેશા તાજુ અને સ્વચ્છ રહે છે તેમ માણસનું શરીર પણ જો હરતુ ફરતું રહે તો તાજુ અને સ્વસ્થ રહે છે અને એવી જ રીતે વિચારો અને જ્ઞાનનું વહેણ પણ જો વહેતું રહે તો તેમાં પણ સ્વસ્થ અને કલ્યાણકારી ગુણોનો ભંડાર ઉભરાતો રહે અને અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ સધાતું રહે. જ્યાં સુધી મોક્ષ કે જે આત્યંતિક કલ્યાણ સુધીનો માર્ગ છે તેને આ જીવ સમજતો નથી ત્યાં સુધી આ જીવને જન્મ અને મૃત્યુના ભયથી છુટકારો થતો નથી. ભયભીત જીવાત્મા આ ભયને ટાળવા માટે આમથી તેમ દોડાદોડ કરી મુકે છે. અહીં તહીં આશ્રય શોધવા મથે છે. તેમાંજ જીવને વારંવાર નવીનતા અને તાજગી મળે તેવા આશ્રયોમાં લાલચ થાય છે. આવી લાલચ અને લોભામણી જીવવૃત્તિ સર્વત્ર જોવા મળે છે. જગતના નાશવંત પદાર્થો હોય કે આધ્યાત્મિક ઉચ્ચ પદ પામવા માટેનો શુદ્ધ ધોરી મોક્ષ માર્ગ હોય, સર્વત્ર પ્રવાહિતા અને નવીનતા જ જીવને સુખકારકતાનો અનુભવ કરાવે છે. એટલે તો કહેવત પડી છે. પાણી વહેતું અને સાધુ ફરતા ભલા. આવા જ કારણોથી આપણા શાસ્ત્રોમાં તીર્થયાત્રાનું મહત્વ ગાવામાં આવેલ છે. શ્રીહરિએ નીલકંઠ વર્ણી સ્વરૂપે સમગ્ર ભારત વર્ષની તીર્થ યાત્રામાં આવી જ નવીનતા, તાજગી અને વિવિધ પ્રકારના માણસોના અનુભવો મેળવ્યા. જેમ કે સેવકરામ જેવા સાધુ પણ યાત્રાએ ગયા તો મળ્યા, અન્યથા આવો અનુભવ ક્યાં થાય ? અનેક શાસ્ત્રોનું ચિંતવન, કેટલાય સાધુ, સંત, સિદ્ધ, વિદ્વાનોના સત્સંગનો લાભ જીવનમાં મળવો દુર્લભ છે. એક જ સ્થાન કે વ્યક્તિમાં સ્થિર થાય તો તેના જ્ઞાન અનુભવ ત્યાં જ અટકી પડે છે. તેથી જ પ્રકૃતિમાં જેમ ઋતુ પરિવર્તન થતું રહે છે. તેમ માણસના જીવનમાં અને સમાજમાં પણ પરિવર્તન અને ફેરફારો થતા રહે છે. તેનાથી સર્વત્ર આનંદનો અનુભવ થાય છે. એવો આનંદ જીવનમાં મેળવતા રહીએ અને મોક્ષના માર્ગથી સહેજ પણ ચલાયમાન ન થઈ જવાય તેની સાવધાની રહે એજ મનુષ્યજીવનની સાર્થકતા.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર – ૨૦૦૪)

વિદેશ ધર્મયાત્રા

તા. ૪-૯-૨૦૦૪ થી તા. ૧૫-૯-૨૦૦૪	ડીટ્રોઈટ (I.S.S.O., U.S.A.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા, સત્સંગ સભાઓ, હરિભક્તોને ત્યાં પધરામણીઓ અને ધર્મયાત્રા.
તા. ૧૬-૯-૨૦૦૪ થી તા. ૨૩-૯-૨૦૦૪	કેનેડામાં પધરામણી, સત્સંગ સભાઓ અને નવા મુમુક્ષુઓને ગુરુ મંત્ર વગેરે કાર્યક્રમ.
તા. ૨૪-૯-૦૪ થી તા. ૨૮-૯-૦૪	ન્યુજર્સી મંદિરમાં પધરામણી અને વિદેશ ધર્મયાત્રા.
તા. ૨૯-૯-૨૦૦૪	સ્વદેશ આગમન.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર – ૨૦૦૪)

૨ થી ૪. શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજ.) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬. કાંકરિયા મંદિર યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રસંગે પધરામણી.
૭. મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સહજાનંદ ગુરુકુળ વિસનગર પધરામણી.
૧૩. શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર અભિષેક પૂજન અર્ચન પ્રસંગે પધરામણી, નવાવાસ હાથીખાના.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા જાયન્ટ ગૃપ સમ્મેલનમાં આશીર્વાદ આપવા પધરામણી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી ગણપતજીના પૂજન પ્રસંગે પધરામણી.
"સન સાઈબર સીટી" બાપુનગર ઉદ્‌ઘાટન અને આશીર્વાદ.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ સત્સંગ સભા પ્રસંગે.
૨૨. વડુ ગામે સત્સંગીઓની મૂળીધામ પદયાત્રા પ્રસ્થાન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.
૨૪. અમદાવાદ મંદિરમાં શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પધરામણી.
૨૫. નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પારાયણ પ્રારંભ પૂજન વિધિ પ્રસંગે પધરામણી.
૨૬. પ.ભ. યોગેશકુમાર રમણલાલના નવી સ્કીમના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, મોટેરા.

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન


સમસ્ત શ્રીહરિના વ્હાલા ભક્તોને સુવિદિત થાય કે સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના શુભ કરકમળથી વિદ્વાન પંડિતો દ્વારા મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસોવદ અમાસ દિવાળીના શુભ દિને તા. ૧૨-૧૧-૦૪ શુક્રવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે સમૂહ શારદા પૂજન - ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધુમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામ સરનામું ફોન નંબર ના સ્ટીકર સાથે લાલ કાપડમાં બાંધીને કોઠારમાં આપીને પાકી પહોંચ મેળવી લેવી.

ચોપડા સ્વીકારવાની છેલ્લી તારીખ૧૦-૧૧-૨૦૦૪ છે. ત્યાર બાદ સ્વીકારવામાં નહીં આવે. (કોઠારી સ્વામી)

'દયા નથી' કે 'દયાનિધિ !'

– અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

ગામ પીપળાવના પ્રભાશંકરભાઈ ગઢપુરમાં શ્રીજી મહારાજના દર્શને આવ્યા હતા. અક્ષર ઓરડીની પાછળના ભાગે એમણે ઉતારો કરેલો. રોજ રાત્રિના બે વાગે ઉઠીને ભજન કરવાની ટેવ, તે 'હે દયા નિધિ ! હે દયા નિધિ !' એમ બોલતા હતા.



મહારાજ ભજન સાંભળી ઉઠી ગયા અને મહારાજે માનસંગભાઈ ને પૂછ્યું : "આ કોણ અત્યારે બોલે છે ને શું કહે છે ?" પાર્ષદ માનસંગજી બોલ્યાં "એ તો ઓલ્યા પ્રભાશંકર બોલે છે ને 'દયા નથી' 'દયા નથી' એમ બોલ્યા કરે છે." પછી મહારાજ કહે "બોલાવો પ્રભાશંકરને."

પ્રભાશંકરને અક્ષર ઓરડીમાં બોલાવ્યા. મહારાજે પૂછ્યું "બોલો પ્રભાશંકર ! શું કહેતા હતા ?" પ્રભાશંકર કહે "મહારાજ, એ તો હું દયા નિધિ - દયા નિધિ એમ કીર્તન બોલતો હતો."

શ્રીજી મહારાજે માનસંગજીની ઉલટ તપાસ લીધી ! માનસંગજી કહે "મહારાજ ! એ તો ભક્તજી તમને જોઈને ગભરાઈ ગયા છે તેથી વાત ફેરવી હશે. બાકી તમારે તો દયા ક્યાં છે ? અને જો દયા હોય તો આવી ભયંકર ટાઢમાં સંતો જ્યાં ત્યાં પડ્યા રહે ખરા ? માટે હું કહું છું કે દયા નથી."

પછી મહારાજે સગડી મંગાવી. પ્રભાતનો પહેલો પ્રહર શરૂ થયો હતો. સગડીની આસપાસ મહારાજ ભેળાં સૌ આવીને બેસી ગયા. મહારાજે સૌને કહ્યું "આજ તો અમારે એક પ્રકરણ કરવું છે. જે એક ગોદડું આપે તેને એક વાર ચરણારવિંદ આપવા. અને બે ગોદડા આપે તેને બે વાર ચરણારવિંદ આપવા."

દાદા ખાચર તરત જ બોલ્યા "મહારાજ ! મારા સો ગોદડા." વસ્તાખાચર પણ કહે : "મારા પણ સો ગોદડા." આ બાજુ ગામના માણસોને ખબર પડી કે એક ગોદડું આપીએ તોય મહારાજ રાજી થઈને ચરણારવિંદ આપે છે. તે ગામના માણસો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ગોદડાં લઈ લઈને અક્ષર ઓરડી તરફ આવવા લાગ્યા. ગામમાં એક મેઘો સુતાર હતો. પંડે ખૂબ ગરીબ પરંતુ શ્રીજી મહારાજ પ્રત્યે અસીમ શ્રદ્ધા. "મહારાજ માંગે અને હું કશુંય ના આપી શકું તો જીવતર શા કામનું ?" પોતાની પાસે ઓઢવા માટે માત્ર એક ચોફાળ હતો. તે લઈને આવ્યો અને મહારાજને દંડવત કરી ચોફાળ અર્પણ કર્યો.

મહારાજે કહ્યું, "તારે ઓઢવા ગોદડું નથી ?" મેઘો કહે, "મહારાજ ! હું તો મારા મામાનો નોકર છું, એટલે અમારે નોકરને ગોદડું ક્યાંથી હોય ? મારે માટે તો આ એક ચોફાળ છે તે સંતો માટે લાવ્યો છું." મહારાજ કહે "લાવ તારો ચોફાળ. હું ઓઢું !" એમ કહી મહારાજે તેનો ચોફાળ ઓઢ્યો. થોડીવાર ઓઢી રાખ્યા પછી મહારાજે એ ચોફાળ મેઘાને પાછો આપતા કહ્યું "તને સાથીને કોણ આપશે માટે લે આ ચોફાળ પાછો લઈજા. તેં અમને ચોફાળ અર્પણ કર્યો તે સંતોની સેવામાં આવી ગયો !"

અનંત કોટી બ્રહ્માંડો જેના સંકલ્પ માત્રથી તૃપ્તિ ને પામી જાય એવા પુરુષોત્તમ નારાયણે પોતાના દેહ ઉપર મેઘાનો ચોફાળ ઓઢી સ્વયં પ્રસાદીનો કરી એને પાછો આપ્યો.

વેદો નેતિ નેતિ કહીને થાકી જાય તોય આવી પ્રત્યક્ષ પ્રસાદી હાથમાં ન આવે તે ગરીબ એવા મેઘાને પ્રાપ્ત થઈ ગઈ !

અસીમ શ્રદ્ધા અને સર્વસ્વ ન્યોછાવર કરવાની તમન્નાથી પરમાત્મા એવા પ્રસન્ન થયાં કે 'દયાનિધિ' નામ જાણે સાર્થક કર્યું. દયાનિધિ તો સાચે જ દયાના નિધિ છે.

મોક્ષ પ્રાપ્તિ ધર્મકુળમાં રે

– ઘનશ્યામભાઈ વકીલ (નરનારાયણ ટ્રાન્સપોર્ટ)

ધર્મવંશી આચાર્યમાં, રહ્યો છું સદાય
મારી ઈચ્છાએ રે લોલ.
આચાર્યમાં મનુષ્યભાવ કલ્પશો નહી,
તે તો થાય મોટો અપરાધ રે લોલ.
અન્ય જન જેવા એહનહી, એતો છે
મોટા દેવ રે લોલ.
ધર્મકુળ તો ભક્તોના હૃદયમાં પલટો
લાવી દે છે રે લોલ.
આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાનુ
પાલન થાય તો રે લોલ.
શ્રીહરિના ચરણકમળનું ધ્યાન થાય
અતિ હેતમાં રે લોલ.
તો મન તમારું મંદિરના કામમાં
તલ્લીન રહે રે લોલ.
તો દિલ તમારું નરનારયણદેવમાં
મગ્ન રહે રે લોલ.
તો પારસમણી રૂપી ભગવાનનો
સ્પર્શ પામી શકો રે લોલ.
તો મુક્તિનો માર્ગ તમારો મોકળો
થાય છે રે લોલ.
તો મોક્ષના અધિકારી થાઓ
ધર્મકુળના હેતથી રે લોલ.
તો આવો સહું સહભાગી થવા
ધર્મકુળના દ્વારે રે લોલ.

મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મકુળનું મહત્વ સમજવું એ ઘણું જરૂરી છે. જગતના જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે સર્વે ઉપાય કર્યા પછી પણ શ્રીજી મહારાજે ધર્મવંશી આચાર્ય સ્થાપ્યા. જેના વડે કરીને આ જીવ આત્યંતિક કલ્યાણને પામી શકે. "આચાર્યમાં શ્રીજી મહારાજ પોતાની ઈચ્છાએ કરીને રહ્યા છે." તેથી તો શાસ્ત્રોમાં કહ્યું છે કે "અન્ય જન જેવા એહ નહિ, તે તો શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે." આચાર્યમાં વાસ કરી રહેલા શ્રીજી મહારાજની સેવાથી ભક્તોની ભુક્તિ અને મુક્તિ બન્ને માટેની મનોકામના પુરી થશે. આચાર્ય પદની સ્થાપના પણ



સ્વયં શ્રીજી મહારાજે વડતાલમાં વિક્રમ સંવત ૧૮૮૨ના કાર્તિક સુદી-૧૧ (પ્રબોધિની એકાદશી) ના દિવસે કરી.

"કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ
વાતનું ઊંડુ મુળ રે,
જેવું અમારું કુળ મનાશે રે, તેને
તુલ્ય બીજું કેમ થાશે રે.

ધર્મકુળ પ્રત્યે મહાપ્રભુને કેવો લગાવ છે ! એ 'અમારું કુળ' છે.

ધર્મના કુળની વાત બધું ઉંચી રે,
અને તેના મૂળ બહું ઊંડા રે.

કોઈપણ મોટો બ્રહ્મવેત્તા હોય તો પણ ધર્મના કુળની સમકક્ષ ક્યાંથી થઈ શકે ? આવા ધર્મવંશીને આશરે જે હોય અને તેમની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કરતો હોય તેવા આશ્રિત ના મનમાં તન, મન અને ધનથી સમર્પિત થઈ જવાની તલ્લીનતા હોય તો તેના આત્માના આત્યંતિક કલ્યાણ માટે કાંઈ કરવાની જરૂર રહેતી નથી. કારણ કે આવા ભક્તોની સઘળી જવાબદારી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની થઈ જાય છે. આચાર્ય મહારાજશ્રી આપણને ધર્મમાં રખાવે તેમ ધર્મમય બની રહેવું. શ્રીજી મહારાજને જેવા ઓળખાવે તેવા ઓળખી સમર્પિત બની રહેવું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિશાળ દીર્ઘ દ્રષ્ટિ રાખી ભગવાનની સાચી ઓળખ કરાવવા આપણા સૌના સાચા હિત ચિંતક બનીને ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં આપણને તેઓશ્રીએ જે આપ્યું છે તે આ છે : **"આજ સુધી અમે જેવા શ્રી નરનારાયણદેવને ઓળખ્યા છે એવા તમને સૌને ઓળખાવવા છે."** આ મહામુલી ભેટનો સ્વીકાર કરી ભક્તો અને જગતના જીવો આધિ, વ્યાધિ, ઉપાધિ એમ ત્રિવિધ તાપમાંથી મુક્ત થઈ શકે છે. પોતાના જીવનું આત્યંતિક કલ્યાણ કરવા મુક્તિનો માર્ગ મોકળો કરી સફળતાથી મોક્ષના અધિકારી થઈ રહે છે. તો હેત અને શ્રધ્ધાથી ધર્મકુળના આશરે મનુષ્ય જીવનનો અંતિમ ફેરો સાર્થક કરી લઈએ.

એવા શ્રી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણકમળમાં કોટી કોટી વંદન.....

ગુરુની શોધ

શાસ્ત્રી સ્વામી વિવેકસાગર ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજી (નાથદ્વારા)

આત્મશ્રેય સાધવાની ઈચ્છા તો લગભગ પ્રત્યેક મનુષ્યને હોય છે. પણ શ્રેયનો પંથ બતાવનાર તો કોઈ હોવો જોઈએ ને ? કલ્યાણનો માર્ગ બતાવે કોણ ?

આત્મશ્રેયના માર્ગદર્શકને શાસ્ત્રો 'ગુરુ' શબ્દની સંજ્ઞાથી નવાજે છે.

"ગુરુ" "ગુ" એટલે અંધકાર અને "રુ" એટલે પ્રકાશ અર્થાત જે અંધકાર દૂર કરે અને પ્રકાશ આપે તેનું નામ 'ગુરુ'. પ્રસ્તુત અર્થને વધુ સ્પષ્ટ કરતા સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે કે :

'ગુ શબ્દસ્તુ અન્ધકાર: રુ શબ્દ
સ્વામિરોધક: ।
અપાકરોતિ અંધકાર: ઇતિ ગુરુ:
પ્રયજ્યતે ॥

"જીવનમાં અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે એજ ગુરુ."

જીવનમાં સાચા સદ્‌ગુરુ મળે તો જ મોક્ષનું દ્વાર ઊઘડે છે. સાચા ગુરુ સ્વજીવનમાં ભૌતિક સુખનો ભોગ આપી શિષ્યોને સાચી કેળવણી આપે છે. સાચુ જ્ઞાન સાચા સદ્‌ગુરુ પાસેથી જ મળે છે. જીવનમાં જો ખોટા ગુરુ ભેટી જાય તો તેવા ગુરુ આપણને શબ્દના ખોટા અર્થ સમજાવી ને અવળા માર્ગે ચઢાવી દેતા હોય છે.

એકવાર એક ઢોંગી અને પાખંડી બાવો એક રાજા પાસે જઈ ચડ્યો. આખા શરીરે ભભૂત લગાવેલી ગળામાં અને હાથમાં રુદ્રાક્ષની માળાઓ વીંટાળેલી. લાંબી જટાવાળો જાણે મોટો સિદ્ધ હોય એમ રૂઆબથી છાતી કાઢીને ચાલતો અને એક હાથમાં કમંડળ અને એક હાથમાં ચીપીયો ધારી રહેલા આ બાવાએ રાજા પાસે આવીને બે-ચાર સારા વાક્યો અને આશીર્વચન બોલીને રાજાને ખુશ કરી દીધો અને પછી ધીમે રહીને પોતાની અસલીવાત રજુ કરી દીધી. ચલ બચ્ચા, હમારા ચેલા બન જા. રાજા કહે સારું, આજથી તમે મારા ગુરુ. રાજા તો એ બાવાનો ચેલો બની ગયો. બાવાએ એક મંત્ર આપ્યો કે લે આ મંત્રનો જપ કરજે.

શુકલામ્બરં ધરં દેવં શશિવર્ણં
ચતુર્ભુજમ્ ।
પ્રસન્ન વદનં ધ્યાયેત્ સર્વ વિઘ્નોપ
શાન્તયે ॥

"શ્વેત વસ્ત્રધારી રહેલા, ચંદ્ર જેવી કાંતિવાળા, ચાર ભુજાવાળા. પ્રસન્ન મુખવાળા વિષ્ણુનું સર્વ વિઘ્નોની શાંતિ માટે ધ્યાન કરવું.

આવા સુંદર અર્થવાળો આ શ્લોક છે. પણ આ બાવાએ રાજાને એવું ઠસાવી દીધું કે દેખો બચ્ચે ! કોઈ ભી પંડિત આવે કે વિદ્વાન આવે ફિરભી ઉસકા અર્થ મત સમઝના, વર્ના આપ ઠગે જાયેંગે. રાજા તો એની વાણીથી અંજાઈ જ ગયેલો એટલે હા એ હા ભણી. બાવો કહે દેખો ઈસકા સચ્ચા અર્થ, 'જેણે શુકલ વસ્ત્ર પહેર્યા છે એવો રૂપિયો કેવો છે તો ચંદ્ર જેવા રંગવાળો, વિષ્ણુરુપ હોવાથી વ્યાપક, ચાર ભુજા રુપ ચાર પાવલીઓનો બનેલો, એને જોતાં કે ધ્યાન કરવાથી મુખ પ્રસન્ન થઈ જાય અને સર્વ વિઘ્નોને નાશ કરનાર એવો રૂપિયો છે.' આ અર્થ સાંભળીને રાજા ખૂબ રાજી થયો અને બાવાને ખૂબ ધન ભેટમાં આપી પોતાના રાજ્યમાં રાખ્યો.

કેટલાક દિવસો બાદ રાજદબારમાં એક પંડિત આવ્યા. રાજાએ પંડિતને બાવાએ કહેલ શ્લોકનો અર્થ પૂછ્યો. પંડિતજીએ તો સાચો અર્થ કહી બતાવ્યો, પણ, રાજા કહે, તમે મુરખ છો, જાઓ અહીંથી મોટા પંડિત ન જોયા હોય તો. રાજાએ આવા તો બીજાં કેટલાય વિદ્વાન પંડિતોને અપમાન કરી પાછા કાઢ્યા. કોઈ પંડિત રાજા સામુ બોલે નહિં અને મુંગા મોઢે અપમાન સહન કરીને ચાલ્યા જાય.

એક દિવસ એવું બન્યું કે, એક પંડિતજી રાજા પાસે આવ્યો. રાજાએ પેલા શ્લોકનો અર્થ કરવા કહ્યું, ત્યારે પંડિતજીએ, સાચો અર્થ કહી બતાવ્યો. રાજા કહે તમને સાચો અર્થ નથી આવડતો. આનો સાચો અર્થતો મારા ગુરુને જ આવડે છે. પંડિતજી કહે હે રાજા સાહેબ તમારા ગુરુ ક્યાં રહે છે. એવા ગુરુના દર્શન કરવા તો હું નિકળ્યો છું. રાજાએ પોતાના ગુરુનું ઘર બતાવ્યું અને પંડિતજી ત્યાં પહોંચી ગયા. અને તે બાવાને કહે મને આપની સેવામાં રાખો. બાવાજીને એમ કે આવો લાભ ક્યાંથી ? બાવાએ પંડિતજીને પોતાની સેવામાં રાખી લીધાં. પંડિતજીએ એવી સેવા કરી કે બાવાજી ખુશ થઈ ગયા અને રાજી થઈને પૂછ્યું કે શી ઈચ્છા છે ? પંડીતજી કહે, હમ કો એક શ્લોક આતા હૈ લેકિન ઉસકા અર્થ નહી સમજ પાતા બાવો કહે ઉસમે ક્યા બાત હૈ ? પંડિતજીએ શ્લોક કહેતાં બાવાએ 'રૂપીયાના વર્ણનવાળો'

(અનુસંધાન પાના નં.૮૩૫૨)

ઉપનયન સંસ્કાર

– કે.પી. સ્વામી (જેતલપુર મહંત)



આપણા પૂર્વજોએ પ્રત્યેક વ્યવહારને સંસ્કારનું સ્વરૂપ આપ્યું છે. આપણી શ્રેષ્ઠતા અને વિશિષ્ટતાના પાયામાં આ સંસ્કારોનું સિંચન છે. જનોઈ તે ઉપનયન સંસ્કાર. તે સંસ્કાર બાળકને ગુરુની પાસે (ઉપ) લઈ જાય છે (નયન), અને તે પછી વેદ વગેરે શાસ્ત્રો ભણવાની શરૂઆત થાય છે. આપણા ચારિત્ર્ય અને વ્યક્તિત્વનું ઘડતર કરવાના ઉચ્ચ ઉદ્દેશથી આપણાં શાસ્ત્રોએ મનુષ્ય જીવનના વિવિધ પાસા આ પ્રકારના સંસ્કારો દ્વારા આવરી લીધા છે. આ સંસ્કાર પાછળની ભાવનાને સમજીને સંસ્કરણ વિધિ શ્રધ્ધા પૂર્વક થાય તો જીવનમાં પ્રેરણા, પ્રકાશ અને પવિત્રતાનો સંચાર થાય છે. આર્ય સંસ્કૃતિ અનુસાર હવે બાળકોનો વિદ્યા અભ્યાસ શરૂ થાય છે. સંસ્કારના સિંચન દ્વારા બાળકમાં શિસ્ત, સંયમ અને સંકલ્પ શક્તિ વિકસે છે અને જીવનના ઉદ્દેશ, જીવનના મૂલ્યો અને રહસ્યોને તે સમજે છે. તે વિચાર વાણી અને વર્તનના શુદ્ધિનું સૂચક છે.

યજ્ઞોપવિત આપવામાં જે જનોઈ જાતે કાંતેલા સુતરના ત્રણ તારથી વણાયેલા ત્રણ સૂત્રની હોય છે તે પવિત્ર ગણાય છે. આ ઉપવિત વિચાર, વાણી અને વર્તનના સંયમ અને શુદ્ધિની સૂચક છે. આ ત્રણ સૂત્ર શારીરિક, માનસિક અને વાચિક સંયમ તથા શુદ્ધતા, સૂચવે છે. વળી તે આધિ ભૌતિક આધિ દૈવિક તથા આધ્યાત્મિક ઉન્નતિના સર્વોત્તમ કર્તવ્યને અહર્નિશ યાદ અપાવનાર પ્રતિક છે. તે બ્રાહ્મણત્વનું દ્યોતક છે. દ્વિજતાનું ચિહ્ન છે. અને પવિત્રતાનું દિવ્ય બંધન છે. જનોઈનું મહત્વનું અંગ ગાયત્રી મંત્રની દીક્ષા છે. એ મંત્ર જ એક સર્વોત્તમ પ્રાર્થના છે. સમસ્ત સૃષ્ટિના આત્મા અને ચાલક એવા પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ ભગવાન સૂર્યનારાયણનો પાવનકારી પ્રકાશ આપણી બુદ્ધિને વિચારોને પ્રેરે એ જ આ મંત્રનો અર્થ અને ઉદ્દેશ છે. બાળકના શિર પર મુંડન કરાવીને જનોઈ ધારણ કરાવી આ મંત્ર ભણવામાં આવે છે. સ્મૃતિ ચંદ્રિયે મહા મુનિ દેવલનો અભિપ્રાય ટાંકીને જણાવ્યું છે કે નવ તારમાં નવ દેવતાઓ છે. ઊંકાર, અગ્નિ, નાગ, સોમ, પિતૃઓ પ્રજાપતિ, વાયુ, સૂર્ય અને દેવતાઓ છે. યજ્ઞોપવિત નાભી સુધી પહોંચવી જોઈએ. નાભીથી નીચે તેમજ નાભીની ઉપર ન હોવી જોઈએ.

यज्ञोपवित परम पवित्रं,
प्रजापतेयेत सहज पुरस्तात्,
आयुष्मर्यं प्रतिमुंच शुभ्रं
यज्ञोपवितं बलमस्तु तेजः

યજ્ઞ કરવા માટેનો અધિકાર આપતી આ જનોઈ પરમ પવિત્ર છે.

પ્રાચીન સમયમાં પ્રજાપતિની સાથે સાથે પ્રગટ થઈ હતી. તે દીર્ઘાયુષ આપનાર છે. પૂજાને પાત્ર હોઈ પૂજા માટે યોગ્ય બનાવનાર છે. તે દિમિમાન છે. જનોઈ બટુક માટે બળરૂપ અને બ્રહ્મતેજરૂપી બની રહે છે. બટુક રોજ ગાયત્રીનો જપ કરે નહીં તો તેને પાપ લાગે તેમ કહેવાય છે. પૃથ્વીલોક, અંતરિક્ષ લોક, સ્વર્ગ લોક - આ ત્રણેય લોકની સંકલ્પના કરી ગાયત્રી જપ દ્વારા બ્રહ્મચારીએ ત્રણ લોકનું રહસ્ય પામી તેમનો જપ કરવો જોઈએ. આર્ય સંસ્કૃતિનો આ મહામંત્ર 'ગાયત્રી' છે. તે પ્રકાશની પૂજા છે. કલ્યાણની વાંછના છે. જ્ઞાનની ઉપાસના છે. અને તે વેદ શાસ્ત્રનો સાર છે. તેનાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. બ્રહ્મતેજનો લાભ થાય છે.

બટુકના હાથમાં જે ખાખરાનો દંડ આપવામાં આવે છે. તેનાથી તેને બ્રહ્મ પ્રાપ્તિ થાય છે. ઉપનયનનું સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ ઘણું જ મહત્વ છે. બાળક માતા-પિતાની છાયામાંથી હવે વૈદિક વિનય માટે આચાર્યની છત્રછાયામાં જાય છે. વૈદિક આદર્શ પ્રમાણે આચાર્ય એ શિક્ષક, પિતા અને માતા એ ત્રણેયનો સમન્વિત આદર્શ છે. માતા-પિતાની જેમજ આચાર્યએ બટુકને સ્નેહ અને સુરક્ષાનો વિશ્વાસ આપે છે અને ઉત્તમ માનવ તરીકે એનું ઘડતર કરે છે. આ ઉપનયન સંસ્કાર, ગાયત્રી ઉપદેશ, બ્રહ્મચર્ય પાલન, ગુરુને ઘેર વાસ, સંયમી જીવન, ભાવિ આર્યગૃહસ્થના જીવન પ્રાસાદનો પાયો ચણાતાં તેનું શરીર નિરોગી અને બળવાન બને છે.

ટૂંકમાં જીવનનો પાયો વિદ્યાર્થી અવસ્થામાં જેટલો સંગીન બને જીવન તેટલુંજ સમૃદ્ધ અને સાર્થક બનવાનું. માતા, પિતા તથા ગુરૂ પ્રત્યેની આદરભાવના અને આજ્ઞાધીનતામાંથી નમ્રતા અને નિષ્ઠા પ્રગટે અને અભ્યાસ પ્રત્યેની અભિરુચિ અને એકાગ્રતામાં પરિણમે. ગાયત્રી જપનું પ્રાતઃ સ્મરણ, પ્રાર્થના જેવા નિત્યક્રમો દ્વારા શરણ અને સમર્પણની ભાવના પ્રબળ બને છે. નૈતિક મનોબળ દૃઢ થાય છે અને જીવનની જટીલ સમસ્યાઓમાં માર્ગ મળી રહે છે.

ઉપનયનનો હેતુ આધ્યાત્મિક તથા સાંસ્કૃતિ છે. આ સંસ્કરા દ્વારા માટીના પૂતળા જેવો માણસ, પસંદ કરાયેલા માણસોનો સાથીદાર બને છે. વેદ ના દરવાજા ખુલ્લા થાય છે, વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત થાય છે તેમજ વિશિષ્ટ કર્તવ્યો તેને સોંપાય છે. ઉપનયનનું મનોવૈજ્ઞાનિક મૂલ્ય એ છે કે જે વ્યક્તિ આ સંસ્કાર પામે છે તેના મન પર એક ઊંડી છાપ પડે છે કે એણે નવી ભૂમિકા ગ્રહણ કરી છે, જેના નિયમો હવે તેણે નિષ્ઠાથી પાળવા પડશે. ઉપનયન સંસ્કાર એનામાં વ્યવસ્થિત નૂતન જીવનની જવાબદારીઓનું ભાન પ્રગટાવે છે.

શ્રાવણી પૂર્ણિમાના બે રીતે મહત્વ છે. એક છે રક્ષાબંધન અને બીજું નૂતન યજ્ઞોપવિત. રક્ષા-સૂત્ર ગ્રહણ કરવા સાથે પ્રત્યેક 'દ્વિજ' પોતાનું ઉપવિત બદલીને નૂતન ઉપવિત ગ્રહણ કરે છે.

ગુરૂની શોધ

(પાના નં ૬થી ચાલુ)

ખોટો અર્થ કહી બતાવ્યો.

પંડીજી ત્યારબાદ વેશ બદલીને રાજા પાસે આવ્યા. રાજાએ શ્લોકનો અર્થ પૂછતાં અર્થ કહી બતાવ્યો. રાજા આ સાંભળીને ખુશ થયો અને કહે વાહ ! વાહ તમે એક જ પંડીત છો. આજ સુધી આનો સાચો અર્થ કોઈ કરી શક્યા નથી. માગો માગો શી ઈચ્છા છે. ત્યારે બુદ્ધિશાળી પંડીતજી કહે તમે મારી પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કરો એજ માગું છું. રાજા કહે ભલે. અને પછી પંડિતજી એ રાજાને ત્રણ વર્ષ સુધી સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય શાસ્ત્ર વગેરે ભણાવ્યું. પછી, "શુકલામ્બરં ધરં"નો અર્થ પૂછ્યો. રાજાને સંસ્કૃતનું જ્ઞાન થવાથી સાચો અર્થ તરત સમજી ગયો અને કહે ધન્ય પંડિતજી ! તમે મને સાચા જ્ઞાન ચક્ષુ આપ્યા. આજ સુધી મેં અજ્ઞાનને કારણે ઘણા વિદ્વાન પંડિતોનો તિરસ્કાર કર્યો છે. આમ પશ્ચાતાપ કરવા લાગ્યો.

ત્યાર પછી રાજાએ પેલા ઢોંગી બાવાને શિક્ષા કરીને નગરની બહાર કાઢી મૂક્યો અને પંડિતજીને માન સન્માન સાથે પોતાના ગુરુ બનાવી નગરમાં રાખ્યા.

જ્યાં સુધી માણસને સાચુ જ્ઞાન નથી મળ્યું ત્યાં સુધી એ પરમાત્મા સુધી પહોંચી શકતો નથી. અને સાચુ જ્ઞાન સાચા સદ્‌ગુરુ પાસેથી જ મળે છે.


માટે જ કહ્યું છે કે :

ગુરુ કરવા તો જ્ઞાની કરવા, સત્-અસત્‌ને જોઈ,

બળદ લેવો તો ખેડીને લેવો, ડોબુ લેવું દોઈ.

ઈમાનદારીનું ફળ

વિશ્વપ્રકાશ સ્વામી ગુરુ મહંત સ્વામી
આત્મપ્રકાશદાસજી (જેતલપુર)



ઘણા વર્ષો પહેલાની વાત છે. ધોરાજી ગામમાં એક ગરીબ મેમણ રહેતો હતો. તેનું નામ ખાન મુસા હતું. એકવાર તે પગપાળા બગસરા જતો હતો. રસ્તામાં વાઘણીયા ગામ પાસે કોઈ ચીજને ઠોકર લાગી. નીચે જુવે તો એક વજનદાર પાકીટ હતું પાકીટ ખોલીને જોયું તો એની અંદર હીરાથી જડીત શુદ્ધ રસોનાના ઘરેણા હતા અને થોડીવાર તો ગરીબ મેમણનું મન લલચાયું પણ બીજી ક્ષણમાં તો પાકીટ બંધ કરી દીધું અને વિચાર્યું કે ખુદા બધુંજ દેખે છે. એમ બોલીને પોતાના મનમાં આવેલ કુવિચાર માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. સામે દેખાતા વાઘણીયા ગામના મુખીને ઘેર ગયો અને મુખીને પાકીટની વાત કરી. મુખીની દાનત પગડી. તેણે કહ્યું આપણે અડધું અડધું કરી લઈએ પણ ખાનમુસા તો ખુદાને યાદ કરી ચૂક્યો હતો. પાકીટ બંધ કરીને ઉઠ્યો અને ગામની બહાર ગયો. એટલામાં વિચાર આવ્યો કે રાજ દરબારનો માણસ બગસરા ગયો હશે ત્યાં રોકાયો હશે. અને પાકીટ પડી ગયું તે યાદ આવ્યું હશે. અને શોધખોળ માટે માણસ મોકલ્યો હશે. એવું અનુમાન સાચું પડ્યું. બગસરાથી નજીકથી એક ઘોડેસવાર પુરપાટ આવી રહ્યો હતો. ખાન મુસાએ ઘોડે સવારને રોક્યો. વાતચીતના અંતમાં અલી માલીકને પહોંચાડવા ખાનમુસાએ ઘોડે સવારને પાકીટ આપ્યું પરંતુ ઘોડાસવારે વિચાર કર્યો કે રાણી માતા આ ઈમાનદારને ઈનામ આપશે. માટે ખાનમુસાને પણ સાથે લઈ ગયા. રાણીમાતાએ ખાનમુસાને ઈનામ આપવાનો આગ્રહ કર્યો પણ ખાને ઈનામ ન લીધું તે પોતાની ઈમાનદારીનું ભાથુ લઈને ધોરાજીથી મુંબઈ કમાવા માટે ગયો. એક શેઠને ત્યાં નોકરી મળી ગઈ. બે-ત્રણ દિવસ બાદ ફરતા ફરતા ખાનમુસા એક પબ્લીક લીલામનું કામ કરતા વ્યાપારી પાસે લીલામના સમયે જઈ પહોંચ્યો. વ્યાપારી સોનાની નકશીવાળી લાકડીનું જાહેર લીલામ કરી રહ્યો હતો. તે જમાનામાં વીસ રૂપીયે સોનું હતું.

ખાનમુસાએ સાડાત્રણ રૂપિયામાં બોલી લગાવી આગળ વધનાર કોઈ ન હોવાથી છેલછડી ખાનમુસાને મળી ગઈ. છેલછડી લઈને પોતાના શેઠ પાસે ગયો. ઠીક તેજ વખતે શેઠને ત્યાં એક ઝવેરી આવેલો અને વાતચીત ચાલતી હતી. ખાનમુસાએ શેઠ ને બધીવાત કરી. પેલાઝવેરી એ છેલછડી નીચે લટકતો હીરો જોયો અને બમણી કીંમત કહેવા લાગ્યો. પણ શેઠ ઘણા ચતુર હતા. એટલે વાતને વચમાં જ અટકાવી. ઝવેરી ગયા પછી શેઠે ગાડી જોડાવી અને ખાનમુસાને સાથે લઈ પોતાના અંગત ઝવેરી પાસે ગયા. ઝવેરીએ છેલછડીમાં હીરો જોઈ દશ હજાર રૂપિયાની કિંમત કરી. ઝવેરીને કસીને શેઠે અંતમાં વીસ હજારમાં સોદો નક્કી કર્યો. રૂપિયા ખાનમુસાને આપીને શેઠે નવી દુકાન ખોલાવી આપી. ઈમાનદારીનો બદલો ભગવાને આપ્યો. ખૂબ પૈસા કમાયો. નિવૃત્તિ સમયમાં ખાનમુસા ધોરાજી આવીને રહ્યો. અને ગરીબ ગુરબામાં દાન આપતો રહ્યો. આજ પણ ધોરાજીમાં એનુ નામ પ્રખ્યાત છે.

સંધ્યા આરતી

– ઘનશ્યામ પાટડીયા (સુરેન્દ્રનગર)

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શ્લોક નં. ૬૩માં લખ્યું છે કે અમારા હરિભક્તોએ સાયંકાળે મંદિરે જવું અને રાધાકૃષ્ણ અષ્ટક ઉચ્ચ સ્વરે બોલવું.

દરેક હરિભક્તોએ સાયંકાળે મંદિરમાં જઈ સંધ્યા આરતી કરવી. અષ્ટક બોલવું અને પ્રાર્થના કરવી જોઈએ. ઘણાં હરિભક્તોને સંધ્યા સમયે નવરાશ મળતી હોય છે. નવરા બેઠા હોય છે. બહાર બેઠા ગ્રામ્ય વાર્તા - ગપ્પા મારતાં હોય છે. નવરાશનો સમય સંધ્યા આરતીમાં પસાર કરી એતો તો ઘણું સારું.

મંદિરમાં પાંચ આરતી થતી હોય છે. મંગળા, શણગાર, રાજભોગ, સંધ્યા અને શયન. આ પાંચ આરતીમાં સંધ્યા આરતીનાં દર્શનનો મહિમા ઘણો જ છે. સંધ્યા આરતીમાં તેત્રીશ કરડો દેવતા શ્રીજી મહારાજના દર્શને આવે છે. આ આરતીનાં દર્શન કરવાથી "અનંત જન્મના પાપ બળી જાય છે." અનંત જન્મના પાપ આપણે જાણતા નથી. શ્રીજી મહારાજ અંતર્યામી છે. તે જાણે છે. માટે સંધ્યા આરતીનાં દર્શને જવાની આજ્ઞા છે.

સંધ્યા આરતી કરવાથી જીવને સુખ-શાંતિ મળશે. હાલના કળીયુગમાં જીવ ત્રિવિધ તાપથી શેકાઈ રહ્યો છે. જગતમાં તેને શાંતિ મળતી નથી. તેથી જીવને સુખ-શાંતિ મેળવવા જરૂર સંધ્યા આરતીના દર્શને જશો. મહારાજની મૂર્તિના દર્શથી દિવ્ય અલૌકિક આનંદ મળશે, વ્યવહારનાં બધા જ કામ મૂકી સંધ્યા આરતીના સમયે મંદિરે પહોંચી જવું જોઈએ. જ્યારે મૃત્યુ આવશે ત્યારે વ્યવહારના બધા જ કામ પડતા મુકવાં પડશે. ત્યારે માનવીનું કાંઈ ચાલતું નથી. માટે આરતીના સમયે દરેક હરિભક્તોએ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિના દર્શને જવું. શ્રીજી મહારાજની આજ્ઞા માથે ચઢાવવી. મહારાજ જરૂર-જરૂર આપણને સુખ-શાંતિ આપશે.

ભગવાનની અખંડ કથાવાર્તા-કીર્તન :

શ્રીજી મહારાજે વચનામૃતમાં આજ્ઞા કરી છે કે અમારા હરિભક્તોએ અખંડ-નિરંતર ભગવાનનું ભજન-કીર્તન-કથાવાર્તા કરવા, અમારાં સંત-હરિભક્તોએ નવરા ન બેસી રહેતા અખંડ-કથા વાર્તા-કીર્તન કરવા.

અત્યારના યુગમા ભગવાનનું ભજન કરવામાં લોકોને શરમ આવે છે, નકામો સમય વેડફી ન દેતા, ગ્રામ્યવાર્તા કે ગપ્પા મારવા કરતા મંદિર અચૂક જઈ કથા વાર્તા, કીર્તન, માળા, પ્રદક્ષિણા કરવી, મનને નવરા રહેવા દેવું નહિ, મન નવરૂ રહેશે તો ખોટા વિચારો કરશે, અવગુણ ગાશે. માટે જ્યારે સમય મળે ત્યારે મંદિરમાં પહોંચી જવું સવાર-સાંજ કથાવાર્તા-ચાલુ જ રાખવી.

કથાવાર્તા માટે વધારે જવાબદારી સંતોની જ છે. સંતોને અત્યારે મંદિરમાં પ્રવૃત્તિ વધી ગઈ છે પરંતુ આ પ્રવૃતિમાંથી સમય કાઢીને પણ મંદિરમાં સવાર-સાંજ કથા-વાર્તા ચાલુ જ રાખવી. ભલે બે હરિભક્તો જ હોય, શ્રીજી મહારાજતો સામે બેઠા જ છે. અનંતમુક્થી સાથે બેઠા છે. શરૂઆત કરીશું તો જરૂરથી હરિભક્તોની સંખ્યા વધશે.

કથાવાર્તાના ધર્મશાસ્ત્રાસ્ત્રો શ્રીજી મહારાજે ઘણાં આપેલાં છે. વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ, નિષ્કુળાનંદ કાવ્ય, ભક્તચિંતામણી, ગુણાતીતાનંદ અને ગોપાળાનંદ સ્વામીની વાતો વગેરે ધર્મશાસ્ત્રને વાંચન કરવાથી જાગવાનું સ્મરણ થાય. સંતોનું સ્મરણ થાય છે. દેહને ખોરાકની જરૂર છે. તેમ આત્માને ખોરાકની જરૂર છે. જીવ ત્રિવિધ તાપમાં બળી રહ્યો છે. ભગવાનનાં શાસ્ત્રો વાંચવાથી અને સાંભળવાથી જીવને ટાઢક અને શાંતિ મળશે.

ખાસ કરીને નિવૃત્ત હરિભક્તો, વૃદ્ધ હરિભક્તો, અને નાના મોટા ભાઈબહેનો સર્વેને જ્યારે જ્યારે સમયની નવરાશ મળે ત્યારે મંદિરે પહોંચી જવું. ભગવાનની ભક્તિ કરવી. કથાવાર્તા, કિર્તન, માળા અને પ્રદક્ષિણા કરવી. નકામો સમય વેડફવો નહી. મંદિરમાં શ્રીજી મહારાજ ભક્તોની રાહ જોઈને બેઠા છે. ભક્તોનાં કલ્યાણ માટે તત્પર છે. તે આપણા સાચા સગાં છે. શ્રીજી મહારાજ ભક્તિથી રાજી થશે. દુઃખો દૂર કરશે. જીવને શાંતિ પમાડશે અને અક્ષરધામમાં લઈ જશે. નવરાશના સમયનો સદુપયોગ કરી મંદિરે પહોંચી જવું તે આપણી ફરજ છે.

મહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ


– જયંતિભાઇ કે. સોની (મેમનગર)

ભગવાન સિવાય અન્યમાં પ્રીતિ એ મોટા અનર્થનું કારણ છે, અને એ જ મનુષ્ય દેહનો જુગાર છે. લોયાના દ્રઢા (૬) વચનામૃતમાં શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો છે જે

"સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન છે ? એ પ્રશ્નનો ઉત્તર પણ શ્રીજી મહારાજે કર્યો જે : એકાંતિકપણું આવે એ અતિશે દુર્લભ છે. એકાંતિક પણું એટલે શું ? તો ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે યુક્ત ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.

જ્યારે એકાંતિક પરાભક્તિ આવે છે ત્યારે તેના હૃદયમાં કોઈ આવરણ ટકી શકે નહિ, એટલે કે ભક્તિમાં કોઈ વ્યાવહારિક અંતરાય આડો આવે જ નહિ. એક ભગવાન અને આત્મા એ બે જ રહે એ કરવાનું છે અને તેમાં જ સુખ રહેલું છે, નહિતો ગમે તેવો મોટો હોય પણ જો તે પરમાત્માના સ્વરૂપમાં નિમગ્ન ન રહે અને દેહાદિકના વ્યવહારમાં પ્રવર્તે તો તેનો પરાભવ થાય છે. માયામાં રહીને નિર્લેપ રહેવું એ એક માત્ર પરમાત્માને જ સંભવે છે.

ગામ બોટાદના વાણિયા એકાંતિક ભક્તરાજ ભગાદોશીની માંગણી મંદિરમાં સંતને અખંડ રહેવા માટેની હતી, જે શ્રીજી મહારાજે શેઠ ઉપર પ્રસન્ન થઈ બોટાદના મંદિરમાં હંમેશા રહેવા માટે સાંખ્યાનંદ અને દયાનંદ સ્વામીને આજ્ઞા કરતા હવા તે મુજબ સંતો ભગાદોશી સંગાથે બોટાદ મંદિરમાં રહીને અખંડ શ્રીહરિનું ભજન કરતા હવા. શેઠ ભગાભાઈના જેવા જ તેમના દિકરા શિવલાલભાઈ શ્રીજી



મહારાજના એકાંતિક ભક્તરાજ હતા તે શિવલાલભાઈ હંમેશા ઘેરથી સ્નાન કરીને પૂજા કરવા મંદિરમાં આવીને એક ઠેકાણે બેસીને પૂજા કરતા. પ્રથમ માનસી પૂજા કરીને ત્રણ વખત આચમન કરીને કંકુના ચાંલ્લા સહિત ઉર્ધ્વપૂંડ્ર તિલક કરીને શ્રીજી મહારાજની મૂર્તિઓને પાથરણામાં પધરાવીને આહવાન કરતા હતા ત્યારે સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ આવીને વિરાજમાન થતા એ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવા સાંખ્યાનંદ તથા દયાનાનંદ સ્વામી આવીને શિવલાલભાઈને સમીપે બેસીને દર્શન કરતા ને શિવલાલભાઈ મહારાજને ચંદન-પુષ્પ તુલસી, ધૂપ, દીપ, નૈવેદ્ય આદિક જે જે વસ્તુ અર્પણ કરતા તે વસ્તુને શ્રીહરિ અંગીકાર કરતાને શિવલાલભાઈ માળા ફેરવી તથા પ્રદક્ષિણા કરી તથા દંડવત પ્રણામ કરીને જ્યારે મહારાજનું વિસર્જન કરતા ત્યારે તેમની મૂર્તિઓમાંથી શ્રીજી પોતાનાં સ્થાનમાં પધારતા હતા. ત્યારે બંને સંતો પોતાના આસને જતાં આવી રીતે ઘણા દિવસ ચાલ્યું. પછી એક દિવસ શિવલાલભાઈ પૂજા કરવા બેઠા હતા ને મૂર્તિઓને પધરાવીને મહારાજનું આહવાન કર્યું જેથી શ્રીહરિ પધાર્યા તેમના દર્શન કરવા બેઉ સંતો આવીને બેઠા તેજ સમયે શિવલાલભાઈનો મુનીમ આવ્યો મુનીમની સંગાથે શિવલાલભાઈએ વ્યવહારિક વાતચીત કરવા લાગ્યા

અનુસંધાન પાના નં. ૧૩ પર

સંતોષનું મૂળ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)



આ જગતમાં મનુષ્યમાત્ર સુખની શોધમાં ભટકે છે. પરંતુ સાચું સુખ બહુ ઓછાને મળે છે, તેનું કારણ શું ? સુખ ભૌતિક પદાર્થોમાં નથી રહેલું, મનુષ્યના હૃદયમાં રહેલું છે. જો હૃદય સંતુષ્ટ હોય તો માનવી પરમ સુખ અનુભવે છે. અસંતોષી માણસને ગમે તેટલી સંપત્તિ સાંપડે તોયે એની તૃષ્ણા સમતી નથી. મનુષ્ય સંતોષ વગર કદી સાચું સુખ પામી શકતો નથી.

"सहि भवति दरिद्रो यस्यास्ति
विशाल तृष्णः ।
मनसि च परितुष्टे कोऽर्थवान
कोवादरिद्रः ॥

"જેની તૃષ્ણા વિશાળ - વધુ હોય તે જ માણસ ગરીબ છે. જો મન સંતુષ્ટ હોય તો કોણ ધનવાન અને કોણ ગરીબ ?"

કહેવાનું તાત્પર્ય એ છે કે, "સંતોષી નર સદા સુખી, સંતોષ એજ પરમ ધન છે." માનવ મન સુખ-દુઃખ, આનંદ-આક્રંદ, હર્ષ-શોક, વિનોદ-વિષાદ અને શાંતિ અશાંતિનું સંગમસ્થાન છે. આપણું ચંચળ મન સંસારના વિવિધ સ્વરૂપે સદા આનંદ અને સુખની શોધમાં રત રહે છે. અતિ વધુ સુખ અને આનંદ પ્રાપ્ત કરવાની આકાંક્ષાને કારણે અહોનિશ સતત પ્રવૃત્તિમાં રહે છે.

સંતોષની પરિભાષા એ છે કે, "જરૂરિયાત પૂરતી સંપત્તિ પ્રાપ્ત થાય એટલે સુખ શાંતિનો અનુભવ કરવો એનું નામ સંતોષ." અસંતોષમાંથી અસંખ્ય દુઃખો જન્મે છે. અસંતોષી માણસ અમર્યાદિત ઈચ્છાઓ અને અનેક મહત્વાકાંક્ષાઓ વચ્ચે ઝૂલતો રહે છે. માટે પ્રગતિની પ્રબળ ઝંખના સાથે જીવનનો દૃષ્ટિકોણ તો સંતોષમય જ હોવો જોઈએ. સંતોષ વિનાના મનુષ્યનું જીવન અંતે મગૃજળ પાછળ દોડતા હરણ જેવું બની રહે છે સંતોષીને કોણ દુઃખી કરી શકે ? માટે જ કહ્યું છે કે, સંતોષી નર સદા સુખી.

"તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી,
સંતોષવાળો જીવ સદા સુખી."

સંતોષ એ જ પરમ ધન છે. સંતોષરૂપી ધન મેળવી લોભ, માયા આદિ જીતસે તો જ સદાચારનું મૂળ રોપાશે અને ત્યારે જ સાચું સુખ પ્રાપ્ત થશે. સંપત્તિઓ કેટલીક વખત આપત્તિઓનું કારણ બને છે.

"હરિ કહે દ્રવ્ય ઘણું નઠારું,
કુબુદ્ધિ ને કલેશ વધારનારું."

સંસારમાં અમૃત અને ઝેર બંનેય છે. સમભાવ અને સંતોષથી જીવનાર સદાય અમૃત જ મેળવે છે. સંતોષની સીડીનું પહેલું પગથિયું શાંતિમાં છે અને છેલ્લું પગથિયું સ્વર્ગમાં પહોંચે છે. સંયમ અને સંતોષનો પ્રકાશ આપણા અનંતના પંથને અજવાળે છે. સંતોષ અને સાદગી હોય ત્યાં માંદગી ન હોય. માયા એ માત્ર સુખની છાયા છે. છાયા પાછળ જે ધાયા એ આખરે પસ્તાયા છે. અસંતોષ માનવની જીવનનૌકાને સંસાર-સાગરમાં ડૂબાડી દેનાર કાણું છે. સુખી જીવનનો શ્રેષ્ઠ માર્ગ એટલે સંતોષ, સાદાઈ અને સરળતા સુખ વડે શાંતિ નથી, શાંતિને સંતોષ વડે સુખ છે. સુખી તે છે જે પળેપળમાં સંતોષ અને આનંદ અનુબવે છે.

શાંતિ સમાન કોઈ તપ નથી. સંતોષથી વધુ કોઈ સુખ નથી. તૃષ્ણાથી વધુ કોઈ ઉપાધી નથી, અને દયા સમાન કોઈ ધર્મ નથી. શાંતિનો આધાર સાધન સામગ્રી પર નહિ, સંયમ અને સંતોષ પર નિર્ભર છે. ભૌતિકતાથી સુખ નહિ સુવિધા મળી શકે છે. અભાવ, ક્રોધ, વિસંગતિ ક્રાંતિને જન્માવે છે, જ્યારે સંતોષ અને શાંતિ સુખ આપનાર છે. સંતોષ વિના સુખ મળતું જ નથી. કામનાઓ રહેવાથી દુઃખ જ મળે છે. સંતોષની એક વ્યાખ્યા એવી છે કે, "ઈચ્છામાં આવેલો પદાર્થ પ્રાપ્ત થતાં તુષ્ટિ થાય તે સંતોષ."

અસંતોષ અને અશુભ કર્મ દ્વારા સંચિત કરેલું ધન સુખ આપી શકતું

નથી, શાંતિ આપી શકતું નથી. રાવણ પાસે સોનાની લંકા અખૂટ ધન વગેરે ઘણું ઘણું હતું, પરંતુ આ બધું તેને સુખ-શાંતિ આપી શક્યું નહિ.

અભાવગ્રસ્ત થઈને પણ અકર્મણ બની જવું તે કાયરતા છે. સંતોષ નથી. જ્યાં પ્રેમ છે, સત્ય છે, સદાચાર છે, શિષ્ટાચાર છે, પોતાના પર વિશ્વાસ છે, જ્યાં સંતોષનો સાગર લહેરાય છે. ત્યાં સુખ-શાંતિના અણમોલ રત્ન ઉપલબ્ધ થાય છે. જ્યાં શ્રદ્ધા, વિશ્વાસ અને સંતોષ છે. ત્યાં સર્વત્ર સુખ જ છે. પરંતુ માનવી અંતરાત્માનો અવાજ સાંભળતો નથી, આત્મદર્શન કરતો નથી.

શાસ્ત્રોનું અધ્યયન, પઠન-પાઠન, સત્સંગ, સંત સમાગમ, પર્યટન, કાવ્ય અનુશીલન, સ્વાધ્યાય, જપ સાધના, શીલતા વગેરે દ્વારા સુખનો ઉદય થાય છે. માટે શાંતિ અને સુખનું મૂળ માનવીના જ હૃદયમાં છે. સુખનું મૂળ શાંતિ, શાંતિનું મૂળ સંતોષ અને સંતોષનું મૂળ હૃદયમાં સ્થિર આત્માની પૂર્ણતા છે. સુખ કંઈ ચીજ વસ્તુઓમાં જ નથી, સુખ લેવું, અનુભવવું એ તો મનની કળા છે. ભૌતિક સુખોમાં લીન, ભવાંતરમાં દુઃખી અને દીન બને છે. મનને નિર્મળ રાખે, શરીરને સ્વસ્થ રાખે, હૃદયને પ્રેમસભર રાખે ને સંતોષથી જીવે તેનું નામ જ ભક્ત. મનને મહાત કરવું એ જ મોક્ષ મંદિરે ચડવાનું પહેલું પગથિયું છે. માનવીને સૌથી મોટો સંતોષ ધાર્મિક જીવનથી થાય છે, માટે સંતોષનું મૂળ આધ્યાત્મિક જીવન છે.

અત્તર એ 'વેચવાની' નહિ 'વહેંચવાની' વસ્તુ છે. સુખ અને આનંદ એ અત્તરો છે, કે જે તમે જેટલા વધારે પ્રમાણમાં બીજાઓને આપશો એટલી વધારે સુગંધ તમારા અંતરમાં ફેલાશે. જે આનંદ આપણે મેળવીએ છીએ તેનો થાક લાગે છે. પણ જે આપીએ છીએ તેનો થાક કદી લાગતો નથી. આપણને જે વસ્તુની જરૂર હોય તે મળે તો આપણી સમૃદ્ધિ ગણાય, પણ તે વસ્તુ વિના આપણે ચલાવી લેતા હોઈએ તો તે આપણી શક્તિ ગણાય આ જ સંતોષનું મૂળ છે.

મહાત્મય જ્ઞાન સહિત ભક્તિ
પાના નં. ૧૧નું

ત્યારે શ્રીજી મહારાજ શિવલાલભાઈની મૂર્તિઓમાંથી ચાલીને પોતાના સ્થાનમાં પધારતા હતા તે જોઈને દર્શને આવેલા બંને સંતો પણ ચાલ્યા ગયા. બીજે દિવસે શિવલાલભાઈ પૂજા કરવા આવીને બેઠા ને મહારાજને આહવાન કર્યું એટલે મહારાજ પધાર્યા. તેમના દર્શન કરવા બંને સંતો આવ્યા ને પૂજાવિધિ પૂરી થઈ રહ્યા પછી શ્રીહરિનું વિસર્જન થતા શ્રીજી પોતાના સ્થાનમાં પધાર્યા ત્યારે સંતો પણ પોતાના સ્થાનમાં જતા હતા. તે વખતે શિવાલભાઈએ સંતોને કહ્યું કે દરરોજ તો હું, પૂજાનો વિધિ બધો પરવારી રહું છું. પછી જ આપશ્રી આપના સ્થાનમાં પધારો છે ને ગઈકાલે મારી પૂજા અધુરી હતી ને તમો ચાલ્યા ગયા હતા. તેનું કારણ શું ? ત્યારે બંને સંતોએ કહ્યું કે જયારે તમો તમારી પધરાવેલી મૂર્તિઓનું આહવાન કરો છો ત્યારે પ્રત્યક્ષ શ્રીજી મહારાજ તમારી મૂર્તિઓમાં આવીને બેસે છે અને તમો જે જે વસ્તુઓ અર્પણ કરો છો તે તે વસ્તુઓને અંગીકાર કરે છે. તમારો પૂજાનો વિધિ પૂરો થઈ રહે છે અને જ્યારે વિસર્જન કરો છો ત્યારે તમારી મૂર્તિઓમાંથી મહારાજ પોતના સ્થાનમાં પધારે છે.આપની પૂજાની મૂર્તિમાં પધારેલા મહારાજના દર્શન કરવા અમે આવીએ છીએ તે ગઈકાલે કાંઈ કામ માટે આવેલા તમારા મુનિમની સંગાથે તમો વાતો કરવા લાગ્યા ત્યારે મહારાજ તમારી મૂર્તિઓમાંથી ચાલી નીકળીને પોતના સ્થાનમાં પધાર્યા ત્યારે મહારાજના દર્શન કરવા આવેલા અમો પણ અમારા સ્થાનમાં જતા હતા. આપની સાથે બેસવાનું બીજું કાંઈપણ કામ નથી. આવું સંતોનું વચન સાંભળીને તે જ દિવસથી શિવલાલભાઈએ નિયમ રાખ્યો જે પૂજા કરવા બેસવું ત્યારે કોઈની સાથે વાતચીત કરવી નહી. આવો નિયમ જીવન પર્યંત રાખ્યો. આપણે પણ મહારાજની પૂજા કરતી વખતે કોઈની સાથે વાતચીત કરીશું તો શ્રીજી આપણી પૂજામાં પધારેલા હશે તે પોતાના સ્થાનમાં જતા રહેશે માટે પૂજા કરતા સુધી કોઈની સાથે બોલવું નહિ એવો નિયમ રાખીને પૂજા કરશું તો જ મહારાજ પ્રશન્ન થઈને આશીર્વાદ આપશે અને રાજી રહીને અંતકાળે પોતાના અક્ષરધામમાં લઈ જશે. આમ



લક્ષલક્ષ લક્ષલક્ષ

– સાધુ સંકીર્તનવલ્લભદાસ ગુરુ શા. ઘનશ્યામપ્રકાશદાસજી (લોયાધામ)

વૈભવશાળી વિશ્વના મહાન માનવ મહેરામણમાં વિલક્ષણ અને વિચક્ષણ વ્યક્તિત્વધારી માનવજીવન દર્શાવવું હોય કે સ્વયં એ જીવનનો આનંદ પ્રાપ્ત કરવો હોય તો જીવન સેતુનું પ્રથમ સોપાન છે લક્ષ.

હીમશીલાઓથી હિલોળા લેતી હિમાલયની સુંદર ભૂમિને હિમ કે હરિયાળી વિના મનમાં કે વાસ્તવિક રૂપે કલ્પવી જેમ મુશ્કેલ છે તેમ મનુષ્ય જીવન રૂપી ઉત્કૃષ્ટ ભૂમિને પણ લક્ષ વિના હરિયાણી જોવી, વિચારવી કે માણવી એટલી જ અશક્ય છે. માનવ જીવનમાં લક્ષ એ સૂર્ય સમાન છે. જેના જીવનમાં લક્ષરૂળી સૂર્ય પ્રકાશે છે તેના જીવનમાં કદાપી નિરાશા રૂપી અંધકાર છવાતો નથી. પણ જેણે પોતાના ચારિત્ર્યમાં લક્ષનો આવિસ્કાર નથી કર્યો તેના જીવનમાં નિરાશારૂપી નિસા તેનો ઓથ છોડતી નથી.

માનવજીવનમાં એકવાર લક્ષ નક્કી કરે અને તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે બસ, પછી તે ચમત્કાર સર્જે, લક્ષ એના જીવનરૂપી વૃક્ષને સફળતા રૂપી મધુરફળોથી ભરપૂર કરી દે છે. 'લક્ષવેધી બનવા માટે વ્યક્તિને કોઈ ઉંમર નથી હોતી ચાહે તે નાનો બાળક હોય, યુવાન હોય કે પછી જૈફ ઉંમરના વડીલ, જ્યારથી જેણે લક્ષને આવકાર્યું ત્યારથી જ તે ઉન્નતિના શ્રેષ્ઠ શિખરે પહોંચવાના સોપાન ચઢવા લાગ્યો' પરંતુ જેને લક્ષ ગળથુંથીના સંસ્કારોમાં મળ્યું હોય તેનું જીવન એક શ્રેષ્ઠ જીવન બની રહે છે.

સામાન્ય જીવનથી લઈને સફળતાના સુવર્ણશિખર સર કરવાના પ્રયત્ન કરતો ઈટાલીનો એક ફર્નિચરને પોલીસ કરવા વાળો યુવાન એકવાર અતિ ચીવટથી બાદશાહી ખુરશીને પોલીશ કરતો હતો. આ સ્થિતિમાં તેને એક સરકારી કર્મચારીએ જ્યારે જોયો ત્યારે રોક્યો અને કહ્યું કેમ આટલું ઘસ ઘસ કરે છે. જલ્દી પતાવી દે ને. સરકારી કામ તો આવું જ હોય. ત્યારે પોતાના ઉચ્ચ લક્ષણનું અખંડ અનુસંધાન રાખનાર એ યુવાનનો જવાબ હતો કે હે કર્મચારી ! એક દિવસ આ ખુરશી પર મારે બેસવાનું છે. ઉત્તર સાંભળી કર્મચારી તો અટ્ટહાસ્ય કરી જતો રહ્યો પણ એ યુવાને એક અદ્વિતીય લક્ષ લઈને પોતાનું વાક્ય સિદ્ધ કરી બતાવ્યું અને એ યુવાન એટલે બીજા વિશ્વયુદ્ધનો નાયક 'મુસોલીન' કે જેણે એ યુદ્ધમાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો.

લક્ષ એ જીવન વાસ્તવિકતાના પટ પર અત્યંત મહત્વનું પાસુ છે જેણે લક્ષને જીવનમાં અપનાવ્યું તેનું જીવન ઉન્નતિના પથ પર દોડવા મંડે છે. મહાન કાર્ય કે મહાન વ્યક્તિની પાછળ જો કોઈ મહત્વનું કે વિશેષ પીઠ બળ હોય તો તે છે લક્ષ.

સ્વાતંત્ર સંગ્રામની જવાળા ફેલાવનાર ભગતસિંહ હોય કે શૌર્યનો સાક્ષાત્કાર કરાવનાર સરદાર હોય કે સ્વાતન્ત્યદીપ માલાના મુખ્ય દીપક સમા સુભાષબાબુ હોય આ સર્વ મહાપુરુષોએ આઝાદી રૂપી લક્ષને અમૃત સંજીવની સમ ઔષધ માન્યુ હતું. આ ઔષધથી જ તેમણે ગુલામી રૂપી રોગને મટાડ્યો હતો.

લક્ષનું એક બુંદ પણ વ્યક્તિને ઉર્મથી ભરી દે છે. જેમ વ્યસનીને વ્યસન મળતાની સાથે જ નવ ચેતના આવે છે. તેમ લક્ષવેધીને લક્ષનું સ્મરણ થવા માત્રથી જ પૂનમે જેમ પયોનિધિ ઉભરાય તેમ ચૈતન્યતાનો ચળકાટ

ઝગારા મારવા મંડે છે. એટલે જ તો નોબેલ વિજેતા કાર્લરોબીયા કહે છે 'God is my life., Goal is my wife and Goal is my everything." અર્થાત્ મારી જીન્દગી, પત્નિ કે મારૂં સર્વસ્વ બસ કેવળ લક્ષ જ છે. આ લક્ષરૂપી શમસેરથી કેટલાયે શૂરવીરોએ આ સંસાર સંગ્રામમાં વિજયશ્રીને વરીને આ દુનિયાની અમર યાદીમાં નામ નોંધાવ્યા છે.

આવું જ એક નામ મિસડોનીયા રાજ્યના રાજકુમારનું છે. રાજા ફીલીપ જ્યારે પોતાના આજુબાજુના રજવાડાઓ જીતવા લાગ્યો ત્યારે તેનો નાનો એવો પુત્ર તેની પાસે જઈ આક્રંદ કરી રહ્યો. અંતે એણે એનું કારણ જણાવ્યું કે પિતાજી ! તમે જ બધું જીતી લેશો તો હું શું કરીશ ? આહાહા ! ક્યાં હજુ રમકડાથી રમવાની રમત અને ક્યાં વિરાટ અને અજોડ લક્ષ. પરંતુ પિતાને પુત્રમાં વિશ્વાસ હતો. તેથી સત્તરવર્ષની ઉંમર થતા પહેલાં જ તેનું રાજતિલક કર્યું ને એ લક્ષાધ્યાયીએ એકત્રીસ વર્ષની ઉમ્ર થતા તો અર્ધી દુનિયા હસ્તગત કરી લીધી ! એ લક્ષવેધી બાળક એટલે એલેકઝાંડર જેને સિંકંદર નામથી પણ ઘણા લોકો ઓળખે છે. આવા તો અનેકાનેક લક્ષવેધીઓ આ વિશ્વના શ્રેષ્ઠ નાયકો બન્યા છે. પણ જો આવું જ લક્ષ શ્રીજી મહારાજ કે તેમના સ્થાને બિરાજેલા આચાર્ય મહારાજશ્રી જેવા સત્પુરુષોને રાજી કરવા નિશ્ચિત કરવામાં આવે તો કદાચ સહેદે અક્ષરધામમાં પોતાનું સ્થાન નિઃસંદેહ બની જાય.

અનેક વિટંબણાઓ અને અચડણોની હારમાળાને ઉખેડીને અડગ ઉભા રહેનારા ઉદેપુરના મહારાણી ઝમકુંબાઈની વાત લક્ષ માટે દાદ માંગી લે તેવી છે. રંગીલા રાજસ્થાનના રમણીય સ્થળોની શ્રેષ્ઠ સ્થળોમાં ગણના થાય છે. તે ઉદેપુરના મહારાજાના રાણીને ગુર્જર દેશના પવિત્ર વિપ્રોથી સતસંગનો રંગ લાગ્યો ને લાડીલા લાલને છતે દેહે મળીને જીવનકૃતાર્થ કરાવનું લક્ષ નક્કી થયું. ને તે માટે તેમણે પ્રાણ ન્યોછાવર કરવાની તૈયારી સાથે કાર્યના શ્રીગણેશ કર્યા. તેમાં પાંચ દિવસના ઉપવાસ, ઉંટના હાડપિંજરમાં નિવાસ, અતિ વિકટ પ્રવાસ ને અંતે શ્રીહરિની કૃપાથી વિકટ વિચરણનું સમાપન તે છતાંય જેમ અગ્નિ પરીક્ષા પૂર્ણ થઈ ન હોય તેમ મોટીબાની આજ્ઞાથી દાદાખાચારની ગૌશાળામાં ગાય ભેંસના વાસીદા પણ કર્યા. ક્યાં વૈભવ વિલાસના રંગ રાગમાં રાચતા મહારાણી અને ક્યાં વાસીદુ ! પોતાના નિર્ધારિત લક્ષને પામવા માટે કેટલી હદનું અદ્‌ભૂત પરિવર્તન ! એમની સામે અનેક વિઘ્નો હતા. પણ સર્વને પાર કરી જવું એ એમનો અફર નિર્ણય હતો. એટલેજ તો જીવનનાં અંતિમ શ્વાસ સુધી લક્ષની પૂર્ણ પ્રાપ્તિ માટે સખત મથતા રહ્યાં ને ભક્તોની યાદીમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવી ધામમાં સિધાવ્યા.

અનિશ્ચતતાનાં અંધારામાં પોઢી ચુકેલા યુવાનોમાં કે સમયની સરહદે પહોંચેલા વડીલોમાં ક્યારેક કંઈક કરી બતાવવાની કે 'અર્થં સાધ્યામિ વા દેહં પાતયામિ' નું સૂત્ર સિદ્ધ કરી બતાવવાની તમન્નાઓ ઉદ્‌ભવે છે. પણ સમય રૂપી સર્પના ફુંફાડાથી સહ લાચાર બની હિમની જેમ ઠંડાગાર બની રહે છે. 'સ્વપ્નિલ સંકલ્પોની ઈમારત ચણનારાઓને ખબર નથી કે લક્ષરૂપી પાયાથી વિહોણી આ ઈમારત પત્તાના મહેલ જેવી છે. કે હવાઈ કિલ્લા જેવી છે. જે સમયના એક જ સપાટામાં ધરાશાયી થઈ શકે છે.' 'લક્ષ સિદ્ધ કરવું એ ન કોઈ ઝાડવે લટકતાં ફળ ઉતારી લેવા સમાન છે. આ તો શૌર્યનો શણગાર કરી હિંમત ને મર્દાનગીના કવચો પહેરી જોમ ને જુસ્સાથી પોતાના કાર્યની સિદ્ધિને અર્થે નિકળેલા યુવા માનસપટવાળી વ્યક્તિનું આ કાર્ય છે. એટલે જ તો પુરુષોત્તમનારાયણ જ્યારે પૃથ્વી પર પધાર્યા ત્યારે તેમણે પણ લક્ષ્યને જીવનમાં આગત્યનું સ્થાન આપ્યું મહારાજે લક્ષને વિચાર કહીને સંબોધ્યો છે !

વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે 'અમારો વિચાર છે તો થોડો પણ એવો બળવાન છે કે જો કોઈ અંતરાય કરવા આવે તો તેનું માથું ઉડી જાય. સર્વોપરી નારાયણનું આ એક વચન જેમ ઉર્જાનો પુંજ હોય તેમ લક્ષવેધીના હૃદયમાં ઉર્જાનો આવિસ્કાર કરાવી જાય છે. ને સમગ્ર શરીરમાં ચૈતન્યતા પ્રગટાવી જાય છે. મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! અમારા જીવનમાં લક્ષ હંમેશા સજીવન રહે....

સાચુ સુખ સત્સંગના સગપણમાં - જેને શ્રીજીનો નિશ્ચય, તેને કહે તેમ કરે

– પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

જેને ભગવાનનો પરિપક્વ નિયમ માહાત્મ્ય જ્ઞાને સહિત થાય છે તેને તો આ જગત પણ નથી અને જગતનો વૈભવ કે રિદ્ધિ-સિધ્ધિ કાંઈ જ જોઈતુ નથી. તેને તો માત્ર ભગવાનની મૂર્તિનું સુખ જ જોઈએ છે. તેને તો સત્સંગના સુખનો જ ખપ છે તેથી તે માન કે અપમાન, ટાઢ કે તડકો, ત્યાગ કે સત્કાર પ્રેમ કે નફરત ગમે તેમ ભગવાન કરશે તે સર્વે તેને માન્ય છે અને તેવો તે હરિભક્ત તે મન ચરણારવિંદમાં પડી રહેશે. જેને ભગવાનના ચરણારવિંદનું સુખ પ્રાપ્ત થયેલ. તેને કોઈ બળીયો પણ તે સુખથી વંચિત કરી શકે તેમ નથી. તે નક્કી વાત છે.



આવા જ કચ્છના કારભારી સુંદરજી સુતાર હતા. તે ભગવાનમાં સંપૂર્ણ નિષ્ઠાવાળા એકાંતિક ભક્ત હતા. ગુજરાત, કાઠીયાવાડમાં વૈરાગી-સાધુઓનો ત્રાસ સંતોને વધારે હતો. પરંતુ કચ્છમાં સુંદરજી સુતારના કારભારીપણાને કારણે આપણા સંતોને કોઈ હેરાન કરતા ન હતા. કચ્છમાં સુંદરજી સુતારના સંતો તરીકે જ ઓળખાતા હતા. કહો તો સંતોની કેવી સેવા તે કરતા હશે ?

શ્રીજી મહારાજની દરેક આજ્ઞા તે માથે તરત જ ચઢાવી લેતા. એક વખતે ખાંડુ પરણાવીને વળતાં હતા ત્યારે તેમણે જાણ્યું કે શ્રીજી મહારાજ ડોસા વાણિયાને ઘરે ઉતર્યા છે. લશ્કરને ભાગોળે થોભાવી તેમના દર્શને આવ્યા. શ્રીજી મહારાજે પૂછ્યું કોણ છો ? તો સુંદરજી કહે તમારો દાસ મહારાજ ! 'દાસના લક્ષણો' 'સ્વામીની આજ્ઞામાં વર્તવું તે' તો પછી તરત જ શ્રીજી મહારાજે આજ્ઞા કરી 'આ રાજઠાઠ ઉતારીને દાઢી-મૂંછ મુંડાવી સાધુ બની કાશી ચાલ્યા જાઓ.' શ્રીજી મહારાજની આવી આજ્ઞા થતાં તરત જ સુંદરજી સાધુ બનીને ખાડુ-લશ્કર મુકી દઈ કાશીને રસ્તે ચાલતા થયા.

આવું બન્યુ જોઈ સભામાં મુક્તાનંદ સ્વામીને શ્રીજી મહારાજે પૂછ્યું બરાબર છે ને ? તો તેમણે કહ્યું મહારાજ તમે કર્યું તે બરાબર જ હોય પરંતુ કચ્છમાં આપણાને જે શાંતિ મળતી હતી, તે નહી રહે અને વૈરાગીઓનો ત્રાસ વધી જશે. સ્વામીની વાત માની મહારાજે સુંદરજીને પાછા બોલાવ્યા ને ફરી પૂછ્યું તમે કોણ ? તમારો દાસ' તો સાધુનાં કપડા ઉતારી ફરી કારભારીનાં વસ્ત્રો પહેરી લો અને કારભારૂં કરો.' તેમણે તેમ કર્યું. મહારાજ રાજી થયા ને ભેટી પડ્યા. આમ જે દાસ છે તે આવા હોય. ભગવાન જેમ કહે તેમ કરે.

બંધીયાના ડોસા વાણિયાને ઘરે શ્રીજી મહારાજ ઉતરેલ હતા. સુંદરજી સુતારને દર્શનનો લાભ આપ્યો હતો. તે ડોસાવાણિયા પણ તેવા જ શ્રીજી મહારાજના દાસ હતા. અને શ્રીજી

મહારાજની સેવા કરતા. એક વખતે શ્રીજી મહારાજે તેમને કહ્યું. તમારા ઘરમાં જે કંઈ રૂપિયા ઘરેણા-દાગીના હોય તે સર્વેની ગાંસડી બાંધી લો. વાણીયાએ શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ બાંધી દીધી. હવે ઉપાડીને ચાલો મારી સાથે ને તેમને જંગલમાં દૂર લઈ ગયા અને એક અવાવરૂ કુવામાં તે નખાવી દીધું. શ્રીજી મહારાજ ડોસા વાણિયાને લઈને બીજે ગામ ગયા. ત્યાં જઈ મહારાજે પૂછ્યું કે તમોને કંઈ હરખ-શોક ના થયો ? તો તેણે જવાબ આપ્યો. 'મહારાજ, આમાં મારૂ કંઈ જ ન હતું, તમારૂં હતું તમારી આજ્ઞા મુજબ મેં કર્યું, હું તો તમારો નોકર, તમે મારા શેઠ.

બે દિવસ પછી મહારાજે તેમને રજા આપીને કહ્યું, ઘરે જાઓ અને કુવામાંથી પેલુ પોટલું કઢાવી લેજો. ઘરે આવ્યાનો ખબર પડી કે રાત્રે લુંટારા ગામમાં આવેલ ને તે બધાંને લુંટીને જતા રહ્યા. વાણિયાના ઘરમાં પેટી-પટારા તોડી નાખ્યા. ત્યારે ડોસાને શ્રીજી મહારાજનો ઉપકાર યાદ આવ્યો ને પોતાની સંપત્તિની રક્ષા કેવી રીતે કરી તે વિચારમાં મહારાજ પ્રત્યેની નિષ્ઠામાં ઓર વધારો થઈ ગયો.

તેજ ગામના કેટલાક યાત્રાળુઓ દ્વારકા ગયેલ ને વળતાં ગઢડા આવ્યા. બધાને ખબર કે ડોસા શેઠના ભગવાન અહીં રહે છે. ચાલો તેમનાં દર્શન કરી લઈએ શ્રીજી મહારાજનાં દર્શન બધાએ ભાવથી કર્યા ને મહારાજે પણ ભાવથી બધાંનો સત્કાર કર્યો. વળી સાથે ડોસાશેઠની ભારોભાર ભક્તને પવિત્રતાનીવાતો કરી. બધા કહે મહારાજ તમે માનો તેવો તે નથી તેનો સંસારમાં ને વેપારમાં ગળાડૂબ જીવ છે. શ્રીજી મહારાજ કહે તમો તેને તેવોના માનો. તે મારો દાસ છે. અમો કહીએ તેમ જ તે કરે. લો



તમને આ ચીઠ્ઠી લખી દઉં છું તે તેમને તમો આપજો. યાત્રાળુઓએ બંધીયા જઈ ડોસા વાણિયાને મહારાજની ચીઠ્ઠી આપી. વાંચીને તરત જ ગોળ જોખવાનું બંધ કરી, દુકાન ખુલ્લીને ખુલ્લી મુકી બારોબાર ગઢડાનો પંથ પકડ્યો ને મહારાજને મળી સાધુ બની બેઠા. આવાં દાસાનુદાસનાં લક્ષણોથી ભરેલા ભગવાનના ભક્તોની વાતો હતી. જે પલવાર પણ આજ્ઞાનું પાલન કરવામાં ઢીલ કરતા નહી. અને મહારાજના થઈ જીવી જતા.

ભગવાનનો અને તેમના ભક્તો કે સંતોનો જેને નિશ્ચય છે તેને એક એવો કેફ, મસ્તી કે નશો હોય છે કે તેમાં જ તે આનંદ-મસ્ત હોય છે. તેવો મસ્તીનો કેફ હતો મયારામ ભટ્ટને કે જે માણાવદરના હતા. તે એક નિષ્ઠ એકાંતિક ભક્ત હતા. તેથી જ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં તમામ ગૃહસ્થ હરિભક્તો વતી તેમનું નામ લખ્યું. અખંડ ત્યાગીને અખંડ ભગવાનના ભજનમાં રહેતા. ભટ્ટજી એક વેળા ઘોડે બેસીને જતા હશે. રસ્તામાં એક મા-દિકરી મલ્યાં. તેમણે ભટ્ટજીને વાત કરી કે દિકરી બિમાર છે તો જરા બેસાડો તો સારૂં ! ભટ્ટજી તરત જ નીચે ઉતરી ગયા ને જુવાન દિકરીને ઘોડે બેસાડી ઘોડું દોરતા ચાલ્યા. રસ્તામાં કોઈએ કહ્યું તમો ઘરડા છો તે ચાલો છો અને જુવાન બાઈને ઘોડે બેસાડી છે ? તો પેલી બાઈએ કટાક્ષમાં કહ્યું કે અત્યારે જમાનો જ એવો છે જુવાનને સહુ બેસાડે ઘરડાને કોણ બેસાડે ?

ભટ્ટજીને થયું કે પોતે દયા કરી બેસાડીને તેજ બાઈ કટાક્ષ કરે છે કેવો

ઉપકારનો બદલો. પોતે ઉદાસ થઈ ગયા. ત્યારથી મનમાં પાકો નિશ્ચય કર્યો કે ગમે તે સ્ત્રી સાથે કદિ બોલવાનો પણ વહેવાર રાખવાનો નહીં. અને તે નિયમ તેમણે જીવન ભર પાળ્યો.

એક વેળા શ્રીજી મહારાજ સંતો-પાર્ષદો હરિભક્તો સાથે માણાવદર પધાર્યા. ગામની ભાગોળે આવ્યા ને જોયું તો બધાં ખેતરો લણાઈ ગયેલ ને એકજ ખેતર લણ્યા વગરનું ઉભુ હતું. તો તેના માટે પૂછ્યું તો કોઈ હરિભક્તે કહ્યું. મહારાજ આ ખેતરતો મયારામ ભટ્ટનું છે. તે અખંડ ધ્યાન-ભજનમાં રહે છે. તેથી રહી ગયું છે. શ્રીજી મહારાજે બધાંને કહ્યું ગામમાં પછી જઈશું. હાલો પહેલા ભટ્ટજીનું ખેતર લણી લઈએ. પછીતો બધા સંતો, પાર્ષદોને હરિભક્તોએ એ મળીને આખું ખેતર લણી લીધું. પછી જ બધા ગામમાં ગયા. આમ જે ભગવાનમાં અખંડ જીવે છે તેનું કામ ભગવાન પોતે સંભાળી લેતા હોયછે. ભક્તને અડચણ પણ પડવા દેતા નથી.

ભગવાનના ભક્તોને અટલ ટેક અને હિંમતવાળા હોય છે. તેનો દાખલો છે વઢવાણ રાજ્યમાં જમાદારની નોકરી કરતા કેસર મીયાં. તે શ્રીજી મહારાજના દઢ ભક્ત હતા. કોઈ માથું વાડી નાખે તો ભલે પરંતુ સત્સંગ ના મુકે તેવા ભક્ત તે હતા. મહારાજના અંગરક્ષક તરીકે રહેતા. સમૈયામાં સત્સંગીઓની રક્ષા સદા કરતા. વઢવાણ રાજ્યનો કારભારી ભાણજી મહેતો સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેથી તે સદાય કેસરમીયાં ઉપર ખીજાયેલ રહેતો હતો.

એક વખતે કચેરીમાં કોઈ બ્રાહ્મણ આવ્યો. તેણે મહેતા પાસે દ્વારકાની યાત્રાએ જવાને માટે વીસ રૂપિયા માગ્યા. તો ભાણજી મહેતાએ કેસરમીયાંની હાજરીમાં તે બ્રાહ્મણને કહે કે તને મુઠ્ઠીભરી રૂપિયા આપું પરંતુ તું સ્વામિનારાયણને ગાળો દે તો! પેલો બ્રાહ્મણ તો પૈસાના લોભમાં ગાળો બોલવા તૈયાર થયો. ત્યાંજ જ કેસરમીયાં એ હાક મારી ને તલવાર મ્યાનમાંથી



બહાર કાઢી. 'ખબરદાર ! જો મારા ઈષ્ટદેવને એક પણ ગાળ બોલીશ તો તારૂં માથું જ વાઢી નાખીશ.' બ્રાહ્મણ તો ઢીલો પડી ગયો. પરંતુ ભાણજી ઉશ્કેરવા લાગ્યો. તું તારે ગાળ બોલ,મીયાં તો અમારો નોકર છે. તને કંઈ નહીં કરે. બ્રાહ્મણ તો ગાળ બોલ્યો તેવીજ મીયાંની તલવાર બ્રાહ્મણના માથા પર પડી. કારભારીએ મીયાંને નોકરીમાંથી કાઢી મુક્યા ટેકવાળા મિયાંએ કહ્યું કે તેરી નોકરી જાય જહન્નમેં, મેરા મહારાજ તો હૈ જન્નત દિલાને વાલે !

કેસરમીયાં મકાન ખાલી કરી ગાડું ભર્યું ને રાણીની રજા લેવા ગયા. રાણીએ ત્રણ પેઢીના વિશ્વાસુ માણસને રજા ના આપી ને મહેતાને છૂટા કરી દિધા. આવા જે ભગવાનનું ઉપરાણું લે તેનું આખું જગત વિશ્વાસ કરે. આવા ભક્તને શ્રીજી મહારાજે પોતાના ગળાની સોનાની ઉત્તરી કાઢીને પહેરાવી દીધી હતી ને ભેટી પડ્યા હતા. વળી મિયાંએ ભગવાન પાસે વરદાન માગ્યું કે અમારા ઘરમાં જે મરે તેને તમારે ધામમાં તેડી જવા. તે શ્રીજી મહારાજે યથા યોગ્ય પાળ્યું.

આવા ભક્તો અંતે અક્ષરધામમાં જાય છે. આવા નિષ્ઠાવાળા હરિભક્ત હોય અને તેમનો દેહ પગ ઘસી ઘસીને પડે, જંગલી જનાવર ફાડીખાય, કોઈને સર્પ કે વિંછી કરડે કે શસ્ત્રો કે અસ્ત્રોથી કપાઈને મરે, કોઈ નદી તળાવ કે દરિયામાં ડૂબી મરે આમ ગમે તે રીતે અપમૃત્યુને પામે છતાં ભગવાનના ખરા ભક્તની કદિ અવળી ગતિ થતી નથી. એ તો ભગવાનના ધામને જ પામે છે. વળી જે ભગવાનની વિમુખ હોય, પાપી હોય, દુષ્ટ-અસુર હોય તે દેહ સતે સારી પેઠે રહી હસતો-હસતો, વાતો કરતો કે વૈભવમાં પડેલો હોય, અને ચંદનના લાકડાથી અગ્નિ સંસ્કાર કરવામાં આવે છતાં તે તો નિશ્ચે યમપુરી નરકમાં જ જાય છે અને ત્યાં નરક યાતના ભોગવે છે.

તેથી જ આ વાત નિશ્ચયવાળા ભક્તોએ ગાંઠવાળી અને દઢ મને ભગવાનની ભક્તિ કરવી. તમોને બ્રહ્મમહોલ જ મલશે તે નિશ્ચિત છે. આ સર્વે દઢ નિશ્ચયવાળા ભક્તોની વાતો શ્રીજી મહારાજે પોતે નામ દઈ દઈને કરેલ છે. વચનામૃતના પાને સુવર્ણ અક્ષરે લખીને સત્સંગી કેવા હોય તેની સમજણ આપણને આપેલ છે. તો તે પ્રમાણે આપણે શ્રીજીના થઈને રહીએ.

પંચામૃત

– ગોહિલ જયેન્દ્ર (હિરાવાડી–બાપુનગર)

આપણા જીવનમાં વાર-તહેવારે યજ્ઞ, કથા, કર્મકાંડ, પૂજા-વિધિ વખતે જે પંચામૃત બનાવવામાં આવે છે. તેની ઋણવેદમાં જણાવ્યા મુજબની રીત વર્ણવું છું.

પંચામૃતનો પ્રસાદ અમૃત તુલ્ય, પૌષ્ટિક અને સંસ્કાર આપનાર પદાર્થોમાંથી જ બનાવવામાં આવે અને તે ભગવાનને અર્પણ કરીને પછી લેવામાં આવે છે. આના માટે પ્રતીક તરીકે ગોરસ લેવામાં આવે છે.

તુલસી, આંબળા, પીપળો અને ગળોની જેમ ગાયમાં દિવ્યતા (સત્વગુણ)નું પ્રમાણ વધારે હોય છે. ગોરસ આપણા શરીરને જ નહી, પરંતુ મન, મસ્તિસ્ક તથા અંતઃકરણને પણ ઉત્તમનાં તત્વોથી ભરી દે છે. પ્રસાદમાં પંચામૃતને તેની વિશેષતાઓના લીધે જ ઉપયોગી માનવું જોઈએ. તે સસ્તુ અને સર્વસુલભ પણ છે. જરૂરિયાત મુજબ તેમાં પાણી અને ખાંડ ઉમેરી તેમાં વધારો પણ કરી શકાય છે. ગૌરક્ષાની દ્રષ્ટિએ એ ખૂબ જ જરૂરી છે કે આપણા જનસમુદાયને ધાર્મિક કાર્યોમાં તેના મહત્વનો ખ્યાલ આવવો જોઈએ કે જેથી ગાયની ઉપેક્ષાનો અંત આવે. ગાયના દૂધ અને દહીંનો વ્યવહારમાં ઉપયોગ થવાથી ગૌરક્ષા તથા ગૌસંવર્ધન શક્ય બનશે.

ક્રમ વ્યવસ્થા : પંચામૃતમાં પાંચ દ્રવ્યો કામમાં આવે છે. (૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) મધ અને (૫) સાકર.

પંચામૃત બનાવવા દૂધ વધારે, દહીં ઓછું ઘી એકદમ થોડું, જરૂર મુજબ ખાંડ, મધ. આ બધું દર્શનાર્થીઓની સંખ્યાના અંદાજ મુજબ લેવું. તુલસીપત્ર આખા કે ઝીણા ઝીણા ટુકડા કરીને નાખવા. જરૂર પડે તો પાણી પણ મેળવી શકાય. પંચામૃતનો પ્રસાદ હંમેશા જમણા હાથની હથેળીમાં જ લેવો જોઈએ. પંચામૃત બનાવતી વખતે પ્રથમ ખાલી વાસણમાં દૂધ, દહીં, ઘી, મધ, સાકર અને તુલસીપત્ર, નાખવાં. આ પ્રત્યેક વસ્તુ નાખતી (ભેળવતી) વખતે નીચેનાં મંત્રનો ઉપયોગ થાય છ.

વાસણમાં દૂધ નાખવાનો મંત્ર

દૂધ જેવો સફેદ પદાર્થ બીજો કોઈ નથી. પંચામતૃમાં દૂધનો ભાગ માનવીને નિર્મળ, અંદરથી દૂધ જેવો સફેદ અર્થાત્ ચરિત્રવાન બનાવવાનું કામ કરે છે.

ૐ પયઃ પૃથિવ્યાં પયઓષધીષુ
પયો દિવ્યન્તરિક્ષે યયોધાઃ,
પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહમ્.

દહીં નાખવાનો મંત્ર

દહીં શીતળ તથા ઘટ્ટ હોવાના લીધે મનુષ્યમાં સૂક્ષ્મરૂપે ગંભીરતા, શીતળતા અર્થાત્ સંતુલન સ્થિરતા વગેરે સદ્‌ગુણો વધારે છે.

ૐ દધિક્રાણ્ણો અકારિષં,
જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ,
સુરભિ નો મુખા કરત્પ્રણ આયુ છં ષિ તારિષત્.

ઘી નાખવાનો મંત્ર

ઘી પ્રવાહી, સ્નેહયુક્ત સુગંધીયુક્ત તથા ગંભીરતા પ્રદર્શક છે. એનું સેવન કરવાથી મનુષ્યનો વ્યવહાર નમ્ર, સ્નેહપૂર્ણ, પ્રસન્નતાદાયક તથા શાંત થાય છે.

ૐ ઘૃતં ઘૃતપાવાનઃ પિબત
વસાં વસાપાવનઃ,
પિબતાન્તરિક્ષસ્ય હવિરસિ
સ્વાહા,
દિશઃ પ્રદિશઽઆદિશો વિદિશ,
ઉદ્‌દિશો દિગ્ભ્યઃ સ્વાહા.

મધ નાખવાનો મંત્ર

મધ સ્વાસ્થ્યવર્ધક, રોગનિવારક, શુધ્ધિકારક એવો પ્રાકૃતિક પદાર્થ છે. મનુષ્ય પોતાના આહારવિહારમાં કુદરતી પદાર્થનો વધુમાં વધુ ઉપયોગ કરે છે. તે હેતુથી પંચામૃતમાં મધ ભેળવવામાં આવે છે.

ૐ મધુવાતા ઽઋતાયતે,
મધુક્ષરન્તિ, સિન્ધવઃ ।
માધ્વીર્નઃ સાન્ત્વોષધીઃ । ૐ
મધુ નકતમુતોષસો,
મધુમત્પાર્થિવ છં રજઃ ।
મધુદ્યૌરસ્તુ ના પિતા ।
ૐ મધુમાન્નો વનસ્પતિઃ,
મધુમો અસ્તુ સૂર્યઃ ।
માધ્વીર્ગાવો ભવન્તુ નઃ ॥

તુલસીપાન નાખવાનો મંત્ર

તુલસી શરીર તથા મનને નિરોગી

અનુસંધાન પાના નં. ૨૧ પર

મહાસુખનો માર્ગ

– લાલજીભાઈ દલપતભાઈ પટેલ (ભડાણા, તા. વિરમગામ)

આજે આપણા સૌના બડભાગ્ય છે કે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ઓળખાણા છે અને આવા દિવ્ય સત્સંગમાં આપણે સ્થિર થયા છીએ. તેને લીધે આપણે ભૌતિક રીતે તો ચોક્કસ સુખી છીએ. આપણે એ સુખને જ સાચું સુખ માની બેઠા છીએ આ આપણી મોટામાં મોટી ભૂલ છે. એ સુખ સાચું નથી તેમજ કાયમી પણ નથી. એ તો કેવળ ઈન્દ્રિયોના વિષયોમાંથી સુખ મેળવવાની આપણી જ મનોવૃત્તિએ માની લીધેલ સુખ છે.

જ્યારે નથી મળતું સારું સાંભળવાનું, જોવાનું, અનુકૂળ સ્પર્શનું કે મજેદાર ખાવાનું અથવા તો આપણી અપેક્ષા બહારના કોઇ સમાચાર મળે છે ત્યારે કોણ જાણે દુઃખી દુઃખી થઇ જવાય છે. અને એ વખતે આપણી ભૌતિક સંપત્તિના સાધનો પણ સુખ આપી શકતા નથી.

આ છે આપણો અનુભવ અને માન્યતા. આપણે સત્સંગમાં રહેવા છતાં ક્યારેક સુખની ઉણપ અનુભવીએ છીએ કારણ કે આપણે આપણા ઇષ્ટદેવે બતાવેલ મહાસુખના માર્ગરૂપી દિવ્ય સત્સંગમાં આવ્યા પછી જાણે કે લક્ષ્ય સુધી પહોંચી જ ગયા હોઇએ તેમ આ લોકનું નાશવંત એવું જે સુખ તેમાં સહજ રીતે જ અટવાઇ જઇએ છીએ. એ માર્ગ પર સતત જાણપણું રાખી ચાલતા નથી. તેથી મહારાજની મૂર્તિના સુખરૂપી મહાસુખના લક્ષ્યને આપણે મેળવી શકતા નથી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે પંચવિષયનું સુખ, હમેશા દુઃખથી મિશ્રિત જ હોય છે. દુઃખ વિનાનું કેવળ સુખ તો ભગવાન સંબંધી પંચવિષયમાં જ છે. અને એ જ સાચુ સુખ છે.



આપણું લક્ષ્ય પણ આ મહાસુખ માટે જ હોવું જોઇએ.

આપણી કરૂણતા એ રહી છે કે જેમ ગીધ ગમે તેટલી ઊંચાઇએ પહોંચે પણ તેની નજર હાડ-માંસના તુચ્છ પદાર્થમાં પડતાની સાથે જ નીચે ઊતરી જાય છે તેમ આવા મોટા ઇષ્ટદેવ અને આવો દિવ્ય સત્સંગ મળવા છતાં પરમેશ્વરને વિશે આપણી વૃત્તિ ચોંટતી નથી અને પંચવિષયરૂપી માયિક સુખમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે.

આ કરૂણતા પાછળનું કારણ પણ ભગવાનની માયા જ છે, બ્રહ્માનંદ સ્વામીએ સાચું જ કહ્યું છે :

અહો પ્રભુ અચરજ માયા,
તુમ્હારી જીસમેં ફસે સકલ નરનારી॥
બ્રહ્મા મોહે , શંકર મોહે,
મોહે ઇન્દ્ર બલકારી,
સનકાદિક, નારદમુનિ મોહે,
દુનિયા કૌન બિચારી.....અહો.

ભગવાનની માયા આગળ દુનિયા બિચારીની શી તાકાત ? એ તો જગતના પામર જીવોને આડી આવે. આપણે તો સ્વામિનારાયણ ભગવાન સાથે જોડાઇને તેમના બન્યા છીએ ત્યારે દુઃખી થવાનું કે ડરવાનુ કોઇ જ કારણ નથી. જેમ કોઇ રાજાનો દીકરો હોય તેની આગળ રાજ્યમાં કોઇનું બળ ચાલતુ નથી અને પોતે જેની પાસે જે ધારે તે કામ લઇ શકે છે. પણ જો તે પોતે રાજાનો દીકરો છે એવું જાણપણું જ એનામાં ન હોય તો ? તો પછી તે રાજાનો જ દીકરો હોવા છતાં તેનુ ધાર્યું કરાવી શકતો નથી. બસ આવું જ કાંઇક આપણા માટે બન્યુ છે. અને તેથી જ આપણે મહાસુખને પામી શક્યા નથી. આપણા ઇષ્ટદેવના માહાત્મ્યનું

જાણપણું હિંમત સાથે રાખી, સંતોરૂપી ભોમિયાને સાથે લઈ, શિક્ષાપત્રી અને વચનામૃત જેવા અમૂલ્ય ગ્રંથોમાં બતાવેલ ધોરીમાર્ગનું સતત અનુસંધાન રાખી, પંચવિષય સંબંધી સુખ પ્રત્યે વૈરબુધ્ધિ રાખવાની. પંચવિષયને ટાળવાની અને ઇન્દ્રિયોને ભગવાન તથા સંતની સેવામાં જોડી ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાની. આટલું કરીએ તો માયાની પણ તાકાત નથી કે આપણને મહાસુખની પ્રાપ્તિ કરતા અટકાવી શકે. પછી તો સહેજે જ મહાસુખ મળી જાય અને સદેહે અક્ષરધામની પ્રાપ્તિ થાય.

આમ મહાસુખ મળવું મુશ્કેલ નથી, તેમ સરળ પણ નથી. એને માટે સતત યત્ન કરતા રહેવું જરૂરી છે. આ લોકની નાશવંત ચીજોની ખરીદીમાં ગુણવત્તાવાળી ચીજો લેવી હોય તો સહેલાઈથી નથી મળતી. પાંચ-સાત દુકાનો ફરવાની મહેનત કરવી પડે છે. એ આપણે સૌ જાણીએ છીએ. ત્યારે આ તો આ લોક અને પરલોકમાં ઉપયોગી થાય તેવું આત્યંતિક કલ્યાણરૂપી અસીમ અને કાયમી સુખ મેળવવા જઈ રહ્યા છીએ ત્યારે વધુ મહેનત કરવી પડે એ પણ સ્વભાવિક જ છે.

હે ભક્તો ! આ વખતે તો સિંહવૃતિ કેળવી લેજો. નહિતર જેમ કૂતરાને કોઈ પથ્થર મારે ત્યારે કૂતરો પથ્થરને બચકા ભરે છે પણ તેનું મૂળ એવીજે પથ્થર ફેંકનાર વ્યક્તિ તેના પ્રત્યે દુર્લક્ષ સેવે છે. પરિણામે કૂતરાને વારંવાર પથ્થર ખાવા પડે છે. જ્યારે સિંહને જો કોઈ પથ્થર મારે તો સિંહ પથ્થરને બદલે પથ્થર ફેંકનાર એવી વ્યક્તિને જ પકડે છે. જેથી સિંહને પથ્થર ખાવાનો વારો આવતો નથી. અને તે નિશ્ચિંત રહી શકે છે. માટે આપણે જો સિંહવૃત્તિ નહિ કેળવીએ તો જન્મ-મરણની પીડા સહન કરવી પડશે. આ પીડા વેઠવી ના પડે તે માટે આપણે મહાસુખના માર્ગેથી પાડનારી માયાને ઓળખી ને દૂર કરવી જ પડશે.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે વાછડાને દૂધનો સ્વાદ છે અને ઇતરડીને લોહીનો સ્વાદ છે તેમ આ જીવ અનાદિકાળથી માયારૂપી લોહીનો સ્વાદ લઈ માયાબધ્ય થયેલ છે. તેથી જો ખબરદાર થઈ આ દેહે ભગવાન સંબંધી મહાસુખરૂપી દૂધનો સ્વાદ ન લઈ શક્યા તો પછી દેવાનંદ સ્વામીએ કહ્યું છે ને ?

લક્ષ ચોરાશી જાતના આવે દેહ અપાર,
જન્મ-મરણ ગર્ભવાસનું, હો રે દુઃખ વારંવાર... પ્રભુ ભજી લેને પ્રાણિયા.

તેમ જન્મ-મરણ ગર્ભવાસના ફેરા ચાલું થઈ જશે. માટે આપણે સૌ વિવેકી બની સાર-અસારનો વિચાર કરી મહાસુખના માર્ગે ચાલતા-ચાલતા છેવટે તેને પામીએ. એવી ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરું છું.

પંચામૃત પાના નં. ૧૯નું

રાખનાર અદ્‌ભુત ઔષધ છે. તેમાં દિવ્યતત્વોની પ્રધાનતા છે. તેને પૃથ્વી પરનું અમૃત માનવામાં આવે છે.

ॐ या ओषधीः पूर्वा जाता,
देवेभ्यस्त्रियुगं पुरा ।
मनै नु बभ्रूणामहꣳशतं
धामनि सप्त च ॥

પંચામૃતનો પ્રસાદ હંમેશા જમણા હાથની હથેળીમાં લેવો જોઈએ. અને તેનું પાન કરતાં પહેલા નીચેનો મંત્ર અવશ્ય બોલવો. પંચામૃતમાં મોટાભાગની વસ્તુઓ ગોદ્રવ્ય હોય છે. આથી તેને માતાના પયપાન અને ભગવાનનાં પ્રસાદના રૂપમાં શ્રદ્ધા, નિષ્ઠા તથા પ્રસન્નતા પૂર્વક ગ્રહણ કરવું જોઈએ.

ॐ माता रुद्राणां दुहिता वसूनां,
स्वसादित्यानामिमृतस्य नाभिः ।
प्र.नुं. वोच थिकितुषे जनाय,
मा गामनागामदितिं वधिष्ट ॥

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવાળીના શુભ કાર્યક્રમ

શ્રી હનુમાનજીનું પૂજન આરતી આસો વદ-૧૪ (કાળી ચૌદશ) તા. ૧૧-૧૧-૨૦૦૪ ગુરુવાર સાંજે ૬-૪૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કર કમળ થી સંપન્ન થશે.

આસોવદ અમાસને દિવાળી શનિવાર તા. ૧૨-૧૧-૨૦૦૪ અન્નકૂટોત્સવ દર્શન અને સમૂહ ચોપડા શારદાપૂજન લક્ષ્મીપૂજન સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળથી વિદ્વાન વિપ્રો દ્વારા સંપન્ન થશે. અમદાવાદ મંદિર સભા મંડપ.

સંવત ૨૦૬૦ કારતક સુદ-૧ નૂતન વર્ષ શુભારંભ. *(કોઠારી સ્વામી)*

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

મુઠી ન વાળવી

- શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

મિત્રો ! આ વાર્તા જેવી તેવી નથી હો ! આ વાર્તાનો મહિમા ઓછો નથી, ઘણો મોટો છે. વાર્તા ભલે નાની છે. પણ તેનો સાર મોટો છે. અને એથી પણ વધુ મહત્વ એ છે કે આ વાર્તા સ્વામિનારાયણ ભગવાનના વૈરાગ્ય મૂર્તિ સંત નિષ્કુળાનંદ સ્વામીની કહેલી છે. બોલો ! તો તો મોટી કહેવાય કે નહી! તો ચાલો સાંભળીએ એ વાર્તા.

એક હતો મદારી, મદારીનું કામ શું એ તો તમે જાણો છો ને ? કોઈક મદારી સર્પ પકડી લાવે અને એને કરંડીયામાં પુરી પછી ગામોગામ ફરે મોરલી વગાડે અને સર્પને ડોલાવે અને એ નિમિત્તે જે પૈસા મલે તેમાંથી ગુજરાન ચલાવે. તો કોઈક મદારી વળી માંકડાને પકડી લાવે અને એની પાસે જાતજાતના ખેલ કરાવે, ગામ આખું જોવા માટે ભેગું થાય. અને માંકડાના નાચ દેખી સહુ ખુશ થાય અને જે પાંચ-પચીસ આપે એમાંથી એનું ગુજરાન ચાલે. પણ તમને એ તો ખબર છેને કે માંકડું પકડવું કાંઈ સહેલુ કામ નથી આ ડાળથી તે ડાળ અને તે વૃક્ષથી પેલા વૃક્ષ, આ મકાન ઉપરથી પેલા મકાન ઉપર એ તો હુકાહુક કરતું ભાગે. એને કેવી રીતે પકડવું ! ગમે તેટલી દોડાદોડ કરો પણ માંકડાને ન પહોંચાય !


પણ મદારી કોનું નામ ! તે તો આવા તોફાની ચંચળ માંકડાને પણ પકડી પાડે, એને બાંધી દે, એને પુરી દે, આવો એક મદારી માંકડા પકડવાં માટે જંગલમાં ગયો. માંકડાનું મોટું ટોળું જોયું. મદારીને થયું કે હાશ ! આજે આપણા હાથમાં ચોકક્સ એક બે માંકડાં તો આવશે જ. અને એણે પોતાનો કીમીયો અજમાવ્યો. એની પાસે એક ધાતુનો ઘડો હતો અને ઘડાનું મોઢું સાંકડું. એ ઘડાની અંદર મદારીએ ચણા ભરી દીધા. ને તમને એ તો ખબર છે ને કે માકડાને ચણા બહુ જ ભાવે. ચણા ભરેલો ઘડો એકબાજુ મુકીને મદારી સંતાઈ ગયો. થોડીવાર થઈ કે આજુબાજુના ઝાડ ઉપરથી હુકાહુક કરતા પાંસ-સાત માંકડાં ચણા ખાવા માટે ઘડા પાસે આવી પહોંચ્યા. અને બધા માંકડાએ ચણા લેવા માટે ઘડામાં હાથ નાંખ્યા અને ચણાની મુઠ્ઠી ભરી. જ્યારે ઘડામાં હાથ નાંક્યા ત્યારે તો સહુના હાથ ખૂલ્લા હતા. તેથી એક સાથે બધા માંકડાના હાથ ઘડાની અંદર જતા રહ્યા. પણ અંદર નાખ્યાં પછી બધા માંકડાએ મુઠ્ઠીમાં ચણા ભર્યા અને હાથ બહાર કાઢવા માટે ખેંચાખેચ કરવા લાગ્યા. પણ એકેય માંકડાનો હાથ બહાર નીકળે નહી. કારણ કે બધાએ મુઠ્ઠીઓ વાળી દીધેલી. હવે જો ચણાની મુઠ્ઠી છોડે તો હાથ બહાર નીકળે. પણ કોણ છોડે ! આ તો માંકડા. બધા ખેંચાખેચ કરે, એકબીજા સામે દાંતીયા કરે પણ કોઈ મુઠ્ઠી ખોલે નહી. અને એવામાં દૂર બેઠેલા મદારી પાસે દોરડાનો ફાંસલો હતો એ તેણે ફેંક્યો એમાં એક-બે માંકડા ફસાઈ ગયા. હવે ક્યાં જાય ! મદારીના ફાંસલામાંથી તો છૂટવાની શક્યતા જ નથી. જીંદગીભર મદારીની આગળ પરાધીન બની ગયા. મદારી એને પકડી પોતાને ઘેર લઈ આવ્યો. અને તેને તાલીમ આપી નચાવવા લાગ્યો અને પોતાનું કામ કરાવવા લાગ્યો.

માટે જ આ વાર્તા સંભળાવતા આપણા નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે -

"મુઠ્ઠી વાળી જેમ મરકટે, ચપટી ચણાને કાજ,
નિષ્કુળાનંદ ફંદ પડ્યો ગળે, પરવશ થયો પશુરાજ."

મુક્તમને આ વૃક્ષથી તે વૃક્ષ ફરનાર, કૂદનાર અને મન ભાવતાં ફળ ખાનાર માકડું કાયમ માટે બંધનમાં આવી ગયું. માટે જો સુખી થવું હોય તો મનનું ધાર્યું કરવા રૂપ સ્વભાવ, ભગવાનના ભક્તને ન શોભે એવા અવળા સ્વભાવ, મોજશોખને હરવા ફરવા રૂપી સ્વભાવની મુઠ્ઠી જો નહી છોડીએ તો આ માંકડાની જેમ જીવ સંસારના-વિષયના-બંધનમાં બંધાઈ જશે. માટે સુખી થવું હોય, માયાના બંધનથી મુક્ત થવું હોય તો સ્વભાવની આંટીને છોડીને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને બતાવેલ માર્ગે ચાલીને ભજન, ભક્તિ, સત્સંગ, કથા-વાર્તા કરીને ભગવાનને રાજી કરી લેવા.

??????????????પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર ગુરુકુળ)

પ્રશ્ન : ૧ માતા-પિતા, ગુરુ અને રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની સેવા જીવન પર્યંત સામર્થ્ય પ્રમાણે કરવાનું શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્રશ્ન : ૨ વચનામૃતમાં જેનો ઉલ્લેખ છે તે પ્રેમાનંદ સ્વામીએ ભગવાનના સ્વરૂપનું વર્ણન ક્યા કીર્તનમાં કર્યું છે ?

પ્રશ્ન : ૩ સત્સંગિજીવન શાસ્ત્રમાં સ્વામિનારાયણ ભગવાને તપ્તમુદ્રાઓ લેવાની આજ્ઞા કરી છે અને તપ્તમુદ્રાઓનો મહિમા જે પુરાણોમાં વર્ણવ્યો છે તે પુરાણોના નામ કહ્યા છે. તો તે નામ ક્યા છે ?

પ્રશ્ન : ૪ કાળના પ્રભાવથી ધર્મના ક્યા ચાર પદનો નાશ થાય છે ?

પ્રશ્ન : ૫ "જોને વિચારી તારા જીવમાં હો પ્રાણીયા, ભૂલી ગયો ભગવાનને રે ઘરધંધે ઘેર્યો" આ કીર્તન ના રચયીતા કોણ ?

પ્રશ્ન : ૬ રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું અને ધ્યાન કરતા મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ - ક્યા વચનામૃતમાં ઉલ્લેખ છે ?

પ્રશ્ન : ૭ ભાગવતમાં ઉધ્ધવજી શ્રીકૃષ્ણનો સંદેશો લઈને વ્રજમાં જાય છે. ત્યારે ગોપીઓ સંદેશો પૂછે છે તે નિષ્કુળાનંદ સ્વામીએ ક્યા કીર્તનમાં વર્ણવ્યો છે ?

પ્રશ્ન : ૮ નવ પ્રકારની ભક્તિ કઈ ?

પ્રશ્ન : ૯ મેનપુરના દેવજીભાઈનો યુવાન દિકરો ધામમાં જતો રહ્યો ત્યારે તેમણે અને તેમના પત્નીએ શું કર્યું ?

પ્રશ્ન : ૧૦ રામાનંદ સ્વામીએ ફણેણી ગામમાં કઈ એકાદશીનો મોટો ઉત્સવ કરાવ્યો અને માગશર સુદ-૧૩ના દિવસે રામાનંદ સ્વામીએ શું કર્યું ?

સપ્ટેમ્બર-૨૦૦૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) વહેલાલના જેશીંગભાઈના બહેન વખતબા. (૨) ઘનશ્યામ મહારાજના પિતાએ સંવત ૧૮૪૮ના જેઠ વદી-૪ના દિવસે દેહનો ત્યાગ કર્યો. (૩) "શ્રી હરિગીતા" પ્રથમ પ્રકરણમાં અને પાંચ અધ્યાયમાં ભક્તિમાતાને કહી હતી. (૪) માનદોષથી દક્ષપ્રજાપતિ અને દુર્વાસાનો પરાભવ થયો. (૫) બ્રહ્માનંદ સ્વામીને જ્યારે તેમના પિતા શંભુસિંહજી ઘેર તેડી જવા માટે આવે છે ત્યારે તેઓ તેમની સાથે વેવાઈ (બ્રહ્માનંદ સ્વામીના સસરા)ને તેમજ તેની દિકરીઓને સાથે લાવેલા અને બ્રહ્માનંદ સ્વામીને ખૂબ સમજાવેલા. બ્રહ્માનંદ જ્યારે ન માન્યા ત્યારે યાદ પણ કરાવ્યું કે તમારું "સગપણ" આ કન્યાની સાથે થયું છે તે તમને વરવાની પ્રતિજ્ઞા લઈ બેઠી છે. માટે તમે સગપણ થયુ છે તે કન્યાને ખાતર પણ પાછા આવો. બ્રહ્માનંદ સ્વામીએ તેના જવાબમાં કીર્તન લખ્યું : રે સગપણ હરિવરનું સાચુ. (૬) બે વખત સ્ત્રીનો વેશ ધારણ કર્યો. પહેલીવાર સગરામ વાઘરી (લીંબડી) ને ત્યાં અને તે પછી કરણીબેન (ધમડકા)ને ત્યાં. (૭) સત્સંગીજીવન શાસ્ત્ર : ૫-પ્રકરણો, ૩૬૦-અધ્યાય, ૧૯૩૯૭-શ્લોક. (૮) અષ્ટમ્ સ્કંધમાં. (૯) ગણિત શાસ્ત્ર પ્રમાણે ત્રણ વર્ષે. (૧૦) ગ.મ.પ્ર.ના ૩૯માં વચનામૃતમાં.

૧. અમૃતલાલ મોદી (સોજા)
૨. જ્યોત્સનાબહેન રમેશચંદ્ર પટેલ (નાંદોલ)
૩. સાં.યો. સંગીતાબહેન ગુરુ સાં.યો. બચીબા (જેતલપુર હવેલી)

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં જલઝીલણીનો સમૈયો

આદ્ય આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના સમયથી ખૂબ ભવ્યતાથી નિકળતો શ્રી ગણપતિજીનો વરઘોડો અમદાવાદ મંદિરમાંથી પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પૂ. મહંત સ્વામી, સંતો, ઉત્સવીયા મંડળતથા અનેક હરિભક્તોની સાથે બપોરે ૧-૧૫ કલાકે શ્રી નરનારાયણદેવ અને ગણપતિજીના પૂજન સાથે પ્રારંભ થયો. પ.પૂ. બાળ લાલજી મહારાજ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિથી ખૂબ જ દિવ્યતા અનુભવાતી હતી.

મંદિરથી લાંબેશ્વર પોળ, રિલીફ રોડ અને ત્યાંથી વાહન મારફતે વરઘોડાએ નારણઘાટ મંદિર પધરામણી કરી હતી ત્યાં પ.પૂ. બાળ લાલજી મહારાજે ગણપતિ વિસર્જનની વિધિ કરીને ઠાકોરજીને જળમાં ઝુલાવ્યા હતા તથા સભામાં મુખપાઠ કીર્તન બોલીને સૌને અતિ આનંદ કરાવ્યો હતો. સાંજે નારાયણઘાટથી કાલુપુર મંદિર તરફ પ્રયાણ કરેલ વરઘોડામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. ઉત્સવીયાઓએ ભાવસભર કિર્તનો ગાઈને પ.પૂ. લાલજી મહારાજને રાજી કર્યા હતા. મંદિર પરત પધારેલ સંતો ભક્તોને કેળાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

(કોઠારી સત્યપ્રકાશદાસજી)

પ્રસાદીના મહાદેવજીનો શ્રાવણ રૂદ્રાભિષેક

વિષ્ણુ શિવો ગણપતિ, પાર્વતિ ચ દિવાકરઃ ।
એતા પૂજ્યા તથા માન્યા, દેવતા પંચ મામકૈઃ ॥

(શિક્ષાપત્રી :)

પંચદેવના આ આદર રૂપે અને શ્રી સ્વામિનારાયણ ભગવાને વારંવાર પધારીને નિજ ચરણકમળના સ્પર્શથી અતિ પાવન કરેલ નવા વાસની પવિત્ર ભૂમિ પર આપણાં આદ્ય આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ ભગવાન મુક્તેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરેલી છે, જે હાલ અમદાવાદ મંદિરના મુખ્ય દરવાજા સામે આવેલ મહાદેવના વંડામાં આપણને દર્શન થાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એને પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીના આજ્ઞા આશીર્વાદથી પવિત્ર શ્રાવણ માસમાં કૃષ્ણ પક્ષની ચૌદશના શુભ દિને પ્રસાદિના મુક્તેશ્વર મહાદેવનો લઘુરુદ્ર અભિષેકના ધાર્મિક કાર્યક્રમનું આયોજન મહાદેવ મિત્ર મંડળ તરફથી કરવામાં આવ્યું હતું. પ્રભાતના સ્વર્ણિમ સૂર્ય કિરણોના સ્વાગત-આવકાર વચ્ચે પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી તથા સંત મંડળ સાથે પ્રસાદીના આ મંદિરે પધાર્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મુક્તેશ્વર મહાદેવનો અભિષેક વિદ્વાન-સાત્વિક બ્રહ્મદેવોના રુદ્ર-મંત્રના જયઘોષ અને વેદવિધિ અનુસાર પંચામૃત, અભિષેક, અર્ઘ્ય અને બિલિપત્ર અર્પણ વિધિ સાથે ભગવાન મુક્તેશ્વર મહાદેવને અભિષેક વિધિ વડે પ્રસન્ન કર્યા હતા અને મહાદેવ મિત્ર મંડળ, સત્સંગી સમુદાય અને સંત મંડળને રુડા આશીર્વાદ આપ્યા હતા. આ લઘુરુદ્ર અભિષેક વિધિમાં પુષ્પમાળા અને નૈવેદ્ય સાથે ૧૧૧ દીવાની આરતી ભોળાનાથને અર્પણ કરી ત્યારે વાતાવરણના અણુઅણુમાં દિવ્યતા પ્રસરી રહી હતી.

ભગવાન શ્રીહરિ શ્રીનગર અમદાવાદ માં અનેક વખત પધારેલા છે. નવા વાસ વિસ્તારની આ ભૂમિ શ્રીહરિના ચરણસ્પર્શથી પાવન થયેલી છે. "અમદાવાદમાં શ્રીહરિ" અને "અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન" એ બન્ને ગ્રંથમાં આ દિવ્ય પ્રસંગોના વર્ણનો જોવા મળે છે. નવાવાસ વિસ્તારના મુક્તેશ્વર મહાદેવની ભૂમિ પ્રસાદી તીર્થ છે અને મહાદેવજીની પ્રતિષ્ઠા આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ કરી છે. કાંકરિયાની રમણીય સરોવર ભૂમિ પર શ્રીહરિએ દિવ્ય લીલાઓ થકી ભક્ત સમુદાયને ભક્તિ-રસથી તરબોળ કર્યા છે. આ દિવ્ય ભૂમિ કાંકરીયા પર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બાલસ્વરૂપ કષ્ટભંજન દેવની સ્થાપના કરી ધર્મકુળના કુળ-દેવતાની તીર્થભૂમિ સર્વના કલ્યાણ અર્થે ઉપલબ્ધ કરાવી છે તથા આચાર્યશ્રીના જૂના નિવાસસ્થાન અસારવા સ્વામિનારાયણ બાગમાં કષ્ટભંજન દેવની સ્થાપના કરી જ્યાં અસારવા ગુરુકુળ શિક્ષણ અને ધર્મ સેવા કરી રહ્યું છે. તથા નારાયણઘાટ પ્રસાદી ભૂમિ ઉપર કષ્ટભંજન દેવની સ્થાપના કરેલ છે.

આ ત્રણે પ્રસાદીના સ્થાનો પર આસોમાસના કૃષ્ણ પક્ષની ચતુર્દશીના હનુમાન જયંતીનો ધાર્મિક ઉત્સવ ઉજવી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પોતાના કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજના દર્શન કરવા અને આરતી પૂજા અર્પણ કરવા આ પ્રસાદી સ્થળોએ પ્રતિવર્ષ પધારે છે.

આપણે પણ ધર્મકૂળ-દેવતાના શ્રધ્ધાપૂર્વક દર્શન કરીને ભગવાન પ્રત્યે એકાંતિક ભક્તિ અને નિષ્ઠાભાવ દેઢ કરીએ.

(કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી)

શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર

પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીની રૂડી આશીર્વાદાત્મક આજ્ઞાથી હિંમતનગર મંદિર ખાતે સાબરકાંઠા જિલ્લાના યુવક મંડળોના સંચાલકોની સભાનું આયોજન કરાયું હતું. જિલ્લાના પ્રત્યેક યુવક મંડળના સંચાલક સત્સંગીઓ આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધૂન, કીર્તન-ભક્તિ સાથે સભાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રત્યેક સંચાલકે પોતાનો પરિચય આપી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃતિઓનો અહેવાલ આપ્યો હતો. સત્સંગ પ્રવૃત્તિના વિસ્તરણ અર્થે સભાસદોએ એક અવાજે પોતપોતાના અભિપ્રાયો વ્યક્ત કરતા જણાવ્યું કે આપણે સહુ શ્રી નરનારાયણદેવ ની ગાદીના ચુસ્ત વફાદાર સૈનિકો છીએ અને એકીમતે નક્કી કરાયું હતું કે ગામોગામ યુવકોને મળીને તેમને સાચા સત્સંગથી વાકેફ કરવા, સાચી માહિતી આપી યુવક મંડળોની સ્થાપના કરવી અને યુવક મંડળના તે કેન્દ્ર મારફતે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સર્વજીવ હિતાવહ સંદેશનો પ્રસાર કરવો.

યુવક મંડળના આ નિષ્કર્ષને અનુસરીને ઈડર અને પ્રાંતિજના મંદિરોમાં ત્યાંના મહંત સ્વામીના માર્ગદર્શને તળે યુવક મંડળની

સભાઓ યોજાઈ હતી. પ્રાંતિજની સભામાં મહંત સ્વામીશ્રી માધવદાસજી સ્વામી અને વિસનગરથી પધારેલા ઉદયનભાઈ મહારાજાએ ઉત્સાહવર્ધક કથાવાર્તા કરી નવ યુવકોને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડ્યા હતા. હિમતનગરના મંદિરથી દર એકાદશી તથા મહિનાના દરેક રવિવારે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે અને આ યુવક મંડળના ઉત્સાહી યુવાનો ગામડે ગામડે ફરીને નવા યુવક મંડળોની રચના કરે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી સાબરકાંઠા જિલ્લામાં સત્સંગ પ્રવૃત્તિઓ વિસ્તરી રહી છે.

(મહંત સ્વામી, હિંમતનગર મંદિર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંસ્થા સમાચાર

<u>શ્રી સહજાનંદ સેકંડરી અને હાયર સેકંડરી સ્કુલ (અંગ્રેજી માધ્યમ)</u>

વ્યાયામ અને રમત ગમત સ્પર્ધાઓના વોર્ડ સ્તરના આયોજનમાં આપણાં બાળકોએ ખૂબ સારો દેખાવ કરી સિદ્ધિઓ હાંસલ કરી.

(૧) કુ. માનસી વ્યાસ (ધો.૧૧) રાજ્ય કક્ષાની ટેનીસ સ્પર્ધા માટે પસંદ થયા છે.

(૨) આપણી શાળાની કુમાર ટીમ અને કન્યા ટીમ અલગ અલગ જૂથ રૂપે ૧૯ વર્ષથી નીચેના વયજૂથમાં કબડ્ડી સ્પર્ધામાં વોર્ડ ચેમ્પીયન બનેલ છે.

(૩) આપણી શાળાની ખો-ખો ટીમ ઓગણીસ વર્ષ વય-જૂથની વોર્ડ ચેમ્પીયન બનેલ છે.

(૪) આપણી શાળાની કુમાર-ટીમ જિલ્લા કક્ષાએ ખો-ખોમાં રનર-અપનું સ્થાન મેળવે છે. રાજ્ય કક્ષાએ પસંદ થયેલ ખેલાડીઓ : સચિન બાબર, શાલીન જોષી, શ્રીજીત કુરૂપ અને હસન અલી.

(૫) રાજ્ય કક્ષાએ રમવા માટે આપણી શાળાની વિદ્યાર્થીઓ કુ. ઊર્વિ મહેતા, કુ. ખૂશ્બુ મહેતા અને કુ. રિદ્ધિ બાબરનું ચયન થયું છે. અને તાલીમ કેમ્પમાં જોડાઈ ગયા છે.

આપણી શાળાના વ્યાયામ શિક્ષક શ્રી પ્રકાશભાઈ ગજજર અને વિદ્યાર્થી ભાઈ બહેનોને તેમની આ અસાધારણ સિદ્ધિઓ માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા છે. (પ્રીંસીપાલ)

<u>શ્રી સહજાનંદ શિશુ મંદિર અને શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યામંદિર (ગુજરાતી માધ્યમ)</u>

આપણા વિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ બહેનોએ સી.આર.સી. કક્ષાએ મહત્વની સિદ્ધિ હાંસીલ કરેલ છે.

પ્રથમ સ્થાન :

સેન્દ્રિય ખાતર : કુ. નિશિ સુરતી, હર્ષ પટેલ, હર્ષિલ પટેલ.

ગાણિતિક નમૂના : કુ. શ્રુતિ પટેલ, નિસર્ગ સોની, બિમલ જાલાણી.

ઓઝોન વાયુ : કુ. ખંજન દેસાઈ, કુ. મોક્ષદા પૂજારા.

ફાઈબર ઑપ્ટિક : સુકાની શાહ, કુ. જૂહી શાહ.

દ્વિતીય સ્થાન :

ઊર્જા પિરામિડ : કુ. ભૂમિ ભટ્ટ, પાર્થ પટેલ.

રસીકરણ : તરંગ માલાણી, કુ. ભૂમિ પટેલ

પ.પૂ. લાલજી મહારાજે ઉપરોકત વિદ્યાર્થીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા છે અને ઊમેદ કરી છે કે જિલા અને રાજ્ય સ્તરે તેમને સફળતા મળે.

(સુરેખાબેન પટેલ, આચાર્ય)

શ્રી સ્વામિનારાયણ મંદિર, છપૈયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને મહંત બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજી તથા મહંત સ્વામી વાસુદેવાનંદજી સ્વામીની શુભ પ્રેરણાથી માધાપરના પણ હાલ લંડન નિવાસી પરમ ભકત ખીમજી શામજી, જયંતી શામજી, ધર્મેન્દ્ર શામજી અને તેઓના પરિવારે પોતાના પિતા અ.નિ. શામજી વાલજી ગોરસિયાના મોક્ષાર્થે શ્રી ઘનશ્યામ બાળલીલા ચરિત્રનું ત્રિદિનાત્મક પારાયણ યોજીને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. શાસ્ત્રી સ્વામી બ્ર. હરિસ્વરૂપાનંદજીએ વક્તાપદે બિરાજી કથાનું રસપાન કરાવ્યું. સભાનું સંચાલન શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કર્યું હતું. શ્રાવણ માસના આ ભક્તિ-સત્સંગમાં અમદાવાદથી પ.ભ. મનુભાઈ (કુબડથાલવાળા), પ.ભ. જશુભાઈ (કાંકરિયાવાળા) તેમજ પ.ભ. રતીભાઈ (મેડાવાળા) વિશેષરૂપે હાજર રહ્યા હતા. સહસ્રાધિક હરિભક્તોને આ દિવ્ય સત્સંગનો લાભ મળ્યો હતો.

પરંપરાગત જન્માષ્ટમી ઉત્સવ આ વર્ષે પણ હજારો સત્સંગિઓની ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક યોજાયો હતો. જરપલા, વીરમગામ, બાલાસિનોર, રાજકોટ, કલકતા, વીસાવાડીયા, ભાદરા, બોટાદ, સુરેન્દ્રનગર, સુરત, જુનાગઢ, વાપી, મુંબઈ, નવસારી, પુના અને ટ્રેન્ટથી સહસ્રાધિક હરિભક્તો આ ઉત્સવમાં ભક્તિ-રસના ભાગી બન્યા હતા. છપૈયાધામ આસપાસના સુરવારે, નેપાદા, તીનવા, ગોરાપાંડે, બસ્તી નૌરંગાબાદ તેમજ ગૌધાટથી ધર્મકૂળ સહ હજારો પરિવારો આ ઉત્સવમાં પધાર્યા હતા. જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં ભજન, કીર્તન અને રાસગરબાના ભક્તિ રસમાં તરબોળ થઈ શ્રીહરિનાં સાંનિધ્યમાં હરિભક્ત અને સંત સમુદાયે કૃષ્ણ જન્મની ઉજવણી કરી હતી.

(શા.ભક્તિપ્રકાશદાસજી, છપૈયા)

શ્રી સ્વામિનારાયણ માસિક પત્રિકા (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) ઓકટોબર ૨૦૦૪ થી સુધારેલા લવાજમ દર

ભારતમાં :

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦-૦૦

વંશપરંપારગત : ૫૦૦-૦૦

છુટક નકલ : રૂા. ૫-૦૦

વિદેશમાં : $ 100

તંત્રી અને સંપાદક,
શ્રી સ્વામિનારાયણ
(ગુજરાતી, હિન્દી, અંગ્રેજી).

કાંકરીયા-રામબાગ મંદિર

આ પ્રસાદીભૂમિ શ્રીહરિના ચરણસ્પર્શથી પુણ્યભૂમિ બનેલી છે. કાંકરીયાના ક્ષેત્રમાં શ્રીહરિએ સ્વયં ચોર્યાસી યોજીને લાખો ભૂદેવોને મિષ્ટાન્ન ભોજનથી તૃપ્ત કર્યા છે. આજથી બસ્સો વર્ષ પૂર્વે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી એ મહાપ્રતાપી બાળ સ્વરૂપ કષ્ટભંજનદેવ તથા ચરણારવિંદ પધરાવેલ છે. આ તીર્થભૂમિ પર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સિધ્ધેશ્વર

મહાદેવની સ્થાપના કરેલ છે. એવા મહાતીર્થરૂપ કાંકરિયા મંદિરમાં મહંત સ્વામી ગુરુપ્રસાદ સ્વામી તથા કોઠારી સ્વામી આનંદપ્રસાદ સ્વામીની પ્રેરણાથી મહાપ્રતાપી સિધ્ધેશ્વર મહાદેવનો મહાભિષેક શ્રાવણ માસની અમાવાસ્યાના દિવસે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વહદ્ હસ્તે સમ્પન્ન થયો. પ.પૂ. લાલજી મહારાશ્રીએ સિધ્ધેશ્વર મહાદેવને ૨૦૦૮ સફેદ કમળ તથા સવાલાખ બીલીપત્ર અર્પણ કરી તેનો પ્રસાદ પોતાના સ્વહસ્તે હજારો હરિભક્તોને આપ્યો હતો. પ.ભ. શેઠશ્રી હરિકિશનદાસ પિતાંબરદાસ ઠક્કર તથા તેમના પરિવારે આ મહોત્સવનું યજમાનપદ સ્વીકાર અને મહાદેવજીનું મહાપૂજન કરી શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. કાર્યક્રમનું આયોજન મહંત સ્વામીના માર્ગદર્શન તળે સમ્પન્ન થયું હતું. તથા શ્રાવણ કૃષ્ણપક્ષની સપ્તમીના સોમવારે સિધ્ધેશ્વર મહાદેવનો હોમાત્મક યજ્ઞ તથા મહાઅભિષેકનું આયોજન કરાયું હતું.

પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે સ્વહસ્તે શ્રીફળ હોમ કરીને હોમાત્મક યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી (અમદાવાદ મંદિર), મહંત સ્વામી શાસ્ત્રી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) તથા શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી (અમદાવાદ મંદિર) અને અનેક મંદિરના સંત મહંત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પૂર્ણાહુતિ સભા સત્સંગમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હોમાત્મક રુદ્ર યજ્ઞનો મહિમા સ્પષ્ટ કરીને ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ભોજન પ્રસાદની વ્યવસ્થા મંદિર તરફથી કરવામાં આવી હતી. તથા જન્માષ્ટમીના શુભ દિને શ્રીકૃષ્ણ જન્મોત્સવ સહસ્રાધિક હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ભજન સંધ્યા, ઓચ્છવ અને સંતોના આશીર્વચન સહિત મધ્યરાત્રીએ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ આરતી યોજવામાં આવી હતી. આ પ્રસંગે પંચામૃત અને પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

(પરેશ ભગત)

જયપુર (રાજસ્થાન)ના યુવાકનોનો સત્સંગ શિબિર

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી રાજસ્થાન દેશમાં સત્સંગ પ્રવૃત્તિઓ વિસ્તરી રહી છે. પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા જયપુર (રાજ.)ના યુવાનોને માટે સત્સંગ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર જયપુરથી ૨૦૦ કીમી દૂર સાલાસરના પવિત્ર તીર્થ સ્થાનમાં યોજવામાં આવ્યો હતો. દિનાંક ૮/૯-૮-૦૪ના બે દિવસના આ શિબિરમાં ૧૫૦ યુવા-સત્સંગી ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બે દિવસ માટે અમદાવાદ થી પધારીને આ શિબિરમાં સતત સત્સંગનું સુખ આપ્યું હતું. જેતલપુધામ ગુરુકુળથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમ-પ્રકાશદાસજી અને સંતમંડળે આ શિબિરમાં કથા-વાર્તા અને સત્સંગ તત્વના પ્રેરણાદાયક પ્રવચન અને પ્રશ્નોત્તર પ્રસંગ યોજીને યુવા વર્ગને સત્સંગ પ્રવૃત્તિ માટે જાગૃત કર્યા હતા. વિસનગરથી ઉદયનભાઈ મહારાજા પણ અત્રે ઉપસ્થિત રહ્યા હતા.

સત્સંગ શિબિરનું આયોજન જયપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજીના માર્ગદર્શન તળે સંત-સત્સંગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજન અને વ્યવસ્થા સુંદર હતા. રાજસ્થાન ક્ષેત્રના અગ્રગણ્ય હરિભક્તો સર્વ શ્રી મનુભાઈ બાપુદાસ, મનુભાઈ મૂળચંદભાઈ, ઠાકોરભાઈ વગેરે એ સેવા કાર્ય ઉપાડી લીધું હતું. નરનારાયણદેવ યુવક મંડળના યુવા સભ્યોએ દરેક સોમવારે જયપુર મંદિરમાં તથા રવિવારે જયપુર શહેરમાં હરિભક્તોને ઘેર સત્સંગ સભા યોજવાનો નિશ્ચય કર્યો હતો. અને નિયમ અનુસાર રવિ-સોમની સત્સંગ સભા ઉત્સાહ ભેર શરૂ કરી દીધી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રુડા આશીર્વાદથી આ ક્ષેત્રમાં સત્સંગ પ્રવૃત્તિઓ વેગવતી બની રહી છે.

(સાધુ ભક્તિનંદનદાસ)

બિઆવર તથા સુમેરપુર (રાજ.)માં સત્સંગ સભાનું આયોજન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી આ ક્ષેત્રમાં સત્સંગ પ્રવૃત્તિઓ વિસ્તરી રહી છે. દિનાંક ૭-૮-૦૪ના રોજ સુમેરપુર (રાજ.) ખાતે બપોરના સમયે ઘર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.ભ. કનુભાઈ પટેલે પોતાના નિવાસ સ્થાને સભાનું સ્વાગત કરીને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો. રાત્રી સભાનું આયોજન તે જ દિવસની સાંજના બ્યાવર નગરમાં પ.ભ. અરુણભાઈપટેલના ઘેર કરવામાં આવ્યું હતું. આ બન્ને પ્રસંગે આ પ્રદેશમાં વસતા હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય અલૌકિક દર્શનનો પ્રથમવાર લહાવો લીધો અને દર્શન સત્સંગની ધન્યતા અનુભવી. બન્ને સભામાં કથા-વાર્તા અને કીર્તન સત્સંગ યોજાયો હતો. પ્રતિવર્ષ આ પ્રકારના આયોજન થતા રહે તેવી હરિભક્તોની અભ્યર્થના છે.

(મહંત કે.પી. સ્વામી-જેતલપુર)

શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજ.)માં દેવોનો પાટોત્સવ

રાજસ્થાન રાજ્યની રાજધાની જયપુર શહેરના હૃદય સ્થાન ચાંદપોલ બજારમાં શ્રી નરનારાયણદેવ તાબાનું મંદિર આવેલું છે. આજથી નેવું વર્ષ પૂર્વે ત્યાંના મહારાજાના કારભારીએ પોતાનો વિશાલ બંગલો આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી

"ષષ્ઠિપૂર્તિ મહોત્સવ" શ્રીમદ્ - સત્સંગિભૂષણ કથાની વી.સી.ડી.

જેની મધુર યાદ કદી ભૂલાતી નથી તેવા અદ્વિતિય "ષષ્ઠિપૂર્તિ મહોત્સવ"ના મહત્વના પ્રસંગોનું આબેહુબ દર્શન ઉપરાંત શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે યોજાઈ, જેનો સૌ ભક્તોએ હોંશે હોંશે લાભ લીધો તે કથાની વી.સી.ડી. ભાગ-૨૪ અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીને અર્પણ કરેલો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તે બંગલામાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી મંદિર સ્થાપ્યું અને ભક્તોને ભગવાન ભજવાનું સ્થાન કરી આપ્યું. જયપુરમાં વસતા ગુજરાતીઓ અને રાજસ્થાનના હરિભક્તો નિત્ય પ્રતિ આ મંદિરમાં સેવા-પૂજા દેવ-દર્શન અને કથા-વાર્તા સત્સંગ અર્થે આવે છે. આજથી એક વર્ષ પહેલા મહંત સ્વામી નારાયણ-સ્વરૂપદાસજીએ મંદિરનો જિર્ણોદ્ધાર કરી હરિભક્તોના ઉતારા માટે સુંદર વ્યવસ્થા તેમજ મંદિરનો વિશાળ સભા મંડપ વગેરેના નિર્માણનું કામ પૂર્ણ કર્યું અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ હતી. હાલમાં આ તીર્થ સ્થાનમાં દર્શનાર્થે આવતા ટુરીસ્ટ હરિભક્તો અને યાત્રિકોને એ.સી. રૂમ્સ સાથે ઉત્તમ નિવાસ વ્યવસ્થા પ્રાપ્ત થાય છે. પુનઃ પ્રતિષ્ઠા વિધિ બાદ પ્રથમ પાટોત્સવ મહોત્સવ દિ. ૩-૯-૦૪ના શુભ દિને મહંત શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજી (ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી) ના મહંત પદે યોજવામાં આવ્યો. પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આ પ્રસંગે આ તીર્થધામમાં બે દિવસ માટે રહ્યાં અને હરિભક્તોને દર્શન-સત્સંગનું દિવ્ય સુખ આપ્યું. પાટોત્સવના યજમાન તરીકે જયપુર નિવાસી પરમ ભક્ત શ્રી ઠાકોરભાઈ પટેલ અને પરિવારે લહાવો લીધો. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ મંદિર) શાસ્ત્રી પુરુષોત્તમ-પ્રકાશદાસ (જેતલપુર ગુરુકુળ), વડતાલધામના ટ્રસ્ટી શ્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (સારંગપુરવાળા) વગેરે અગ્રગણ્ય સંતો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિષ્ઠા મહોત્સવની જેમ જ હરિભક્તોએ બહુ મોટી સંખ્યામાં હાજર રહી ભવ્ય સ્વરૂપે પાટોત્સવની ઉજવણી કરી મહાભિષેક, સમૂહ મહાપૂજા, સત્સંગ, કથા-વાર્તા, ધૂન-કીર્તન આદિ કાર્યક્રમોનું આયોજન થયું. મહાપૂજા વિધિ શાસ્ત્રી ઈશ્વરજીવનદાસજી (મહંત સ્વામી ધારીયાવદ, રાજસ્થાન) દ્વારા થયો હતો.

(સાધુ ભક્તિનંદનદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર, ગાંધીનગર સેક્ટર-૨૩માં અધિકમાસની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાશ્રીના શુભાશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી અધિક શ્રાવણ નિમિત્તે દરરોજ એક કલાક જય-યજ્ઞનું આયોજન થયું હતું. જય યજ્ઞની સમાપ્તિના દિવસે વેદોક્ત મંત્રોથી ઠાકોરજીનો અભિષેક થયો હતો અને અવભૃથ પ્રોક્ષણ સ્નાનનો પવિત્ર કાર્યક્રમ યોજાયો હતો.

હિંડોળા ઉત્સવ પણ ધામધુમથી ઉજવાયો હતો અને સૂકો મેવો, મીરર, રમકડાં વગેરેના નવીન અદ્‌ભૂત હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા હતા.

શ્રાવણ માસના આરંભમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભક્તિ-રસ ભરપુર આયોજન થયું હતું અને કથા-પ્રવાહના ઉત્સવો જેવા કે : જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ વગેરે ધામધુમથી ઉજવયા હતા. કથાના યજમાન પ.ભ. શ્રી હસમુખભાઈ ચૌહાણ હતા. શ્રાવણ માસ નિમિત્તે એકાદશ સ્કંધમાં વર્ણવાયેલ દત્તાત્રયના ચોવીસ ગુરુની કથાનું અનેરું આયોજન થયું હતું જેમાં શાસ્ત્રી સ્વામીએ પોતાની સરળ શૈલીમાં ગુરુ દત્તાત્રયે પોતાના ચોવીસ ગુરુઓમાંથી જે જે સદ્‌ગુણો લીધાં તે સંપ્રદાયના સિદ્ધાંત મુજબ સમજાવ્યું હતું. અધિક શ્રાવણ અને શ્રાવણ માસના ભક્તિરસનો અનેક હરિભક્તોએ લાભ લીધો. (કોઠારી બાબુભાઈ જે પટેલ)

વહેલાલ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાત્મક આજ્ઞાથી તથા સ્વામી ચૈતન્યમુનીદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં ૨૨-૮-૦૪ થી તા. ૨૯-૮-૦૪ પર્યંત પંચદિનાત્મક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયું હતું. સ.ગુ. ઘનશ્યામ સ્વામી (મહંત સ્વામી, નારાયણઘાટ મંદિર)ના શિષ્ય સ.ગુ. પી.પી. સ્વામીએ કથા-પ્રવચનનો લાભ આપ્યો હતો.

અધિક શ્રાવણ તથા શ્રાવણ માસના ધાર્મિક દિવસોમાં ઠાકોરજીનો હિંડોળા ઉત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. દિ. ૧૧-૮-૦૪ની રાત્રીના ૮ થી ૧૨ પર્યંત બાયડના હરિભક્તો દ્વાર કીર્તન-ભક્તિનો કાર્યક્રમ પીરસાયો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

મકાખાડથી જેતલપુર પદયાત્રા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી અને શાસ્ત્રી રામકૃષ્ણદાસજી અને શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી ભાદરવા સુદ પુનમને દિને ચૌધરી નરનારાયણદેવ યુવક મંડળના એકતાલીસ યુવા સભ્યોએ અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શન કરી જેતલપુર ધામમાં ભગવાન રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શનકરી શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. (ડાહ્યાભાઈ છ. ચૌધરી નરનારાયણધેવ યુવક મંડળ, મકાખાડ)

કર્મ શક્તિ (નવા નરોડા) મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મંદિરના સ.ગુ. ભક્તિનંદનદાસજી સ્વામીની પ્રેરણાથી જન્માષ્ટમીની રાત્રીના વિશાળ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા હરિભક્તોએ સત્સંગલક્ષી ઉપદેશ આપતું નાટક રજુ કરી. સત્સંગના વિવિધ વિષયોને આવરીને પ્રશ્નોત્તરી અને કથા-વાર્તાનું આયોજન કર્યું અને ધૂન-કીર્તન કર્યા બાદ મધ્યરાત્રીએ શ્રીકૃષ્ણ જન્મ ખૂબ ધામધુમથી ઉજવ્યો હતો. આ કાર્યક્રમ થકી ધાર્મિક મુમુક્ષુજનોને સત્સંગનો વિશેષ સમાસ થયો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

વડુ ગામના ભક્તોની મૂળીધામની પદયાત્રા

તા. ૨૨-૯-૦૪ના શુભદિને વડુ ગામના નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા વડિલોના સંઘે શ્રીહરિ સ્થાપિત મૂળી મહા મંદિરમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શન કરવા પ્રયાણ કર્યું હતું.

સંઘના વિદાય પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આશીર્વાદ આપવા સંત-મંડળ સહિત પધાર્યા હતા.

મંદિરમાં ઠાકોરજીની આરતી કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં બિરાજેલા. પદયાત્રી ભક્તોએ પૂજન આરતી કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સંઘના રથને પ.પૂ. લાલજી મહારાજે પ્રસ્થાન કરાવ્યું હતું. ૧૦માં દિવસે પદયાત્રીઓએ મૂળીધામે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યાંના મહંત સ્વામી તથા તમામ સંતો ખૂબ રાજી થયા હતા. (પ્રવીણ પટેલ - શ્રધ્ધા કેસેટ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી-ધામમાં હિંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં ભગવાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ભવ્ય-અલૌકિક હિંડોળા ઉત્સવ ઉજવાયો અને બે માસ સુધી દરરોજ નવાનવા હિંડોળા રચીને ઠાકોરજીને હિંડોળે ઝૂલાવવામાં આવ્યા. પર્વના પાંચ દિવસોએ એકીસાથે બાર હિંડોળા પ્રસાદીની હવેલીમાં પધરાવવામાં આવ્યા હતા. કલાત્મક હિંડોળાની રચનામાં મહંત સ્વામી મુકુંદપ્રસાદદાસજી તરફથી પ્રોત્સાહન અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સ.ગુ. કે.પી. સ્વામી, નરોત્તમ ભગત, હરિપ્રસાદ સ્વામી, નંદકિશોર સ્વામી, પંકજભાઈ પરીખ અને રતનપરના યુવાનોએ હિંડોળાની રચનામાં ભાગ લઈને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. (ખોડુભા સ્વા.ના.મંદિર મૂળી)

સ્વામિનારાયણ મંદિર, રતનપર (સુરેન્દ્રનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આશીર્વાત્મક સૂચનાથી તથા મૂળી મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી મુકુંદપ્રસાદદાસજીની પ્રેરણાથી રતનપર મંદિરમાં અધિક શ્રાવણ અને શ્રાવણ માસના દિવસોમાં પ્રતિદિન નૂતન કલાત્મક હિંડોળા તૈયાર કરીને ઠાકોરજીને પ્રસન્ન કરાયા હતા. પર્વના દિવસોમાં એક સાથે એકવીસ કલાત્મક હિંડોળાના દર્શનનો લહાવો મુમુક્ષુ હરિભક્તએ પ્રાપ્ત કર્યો હતો. હિંડોળાઓની વિવિધતામાં ખાસ કરીને ચલણી નોટોના કલાત્મક હિંડોળા અને અતિ વિશાળ મૂર્તિઓએ વિશેષ આકર્ષણ જગાવ્યું હતું. સર્વ શ્રી કાળુ ભગત, પંકજભાઈ, બ્ર. સૂર્યપ્રકાશાનંદજી અને યુવક મંડળના સભ્યોએ હિંડોળાના નિર્માણ થકી શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો છે.

(બાબુભાઈ એસ. પટેલ)

શિયાણી (મૂળી)માં સત્સંગ સભા

નાનકડુ ગામ શિયાણી શ્રીહરિની પ્રસાદીનું ગામ છે. આ પવિત્ર ભૂમિ પર શિયાણી અને આસપાસના ગામોના મુમુક્ષુ સત્સંગીઓની વિશાળ સભાનું આયોજન થયું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી મૂળી મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી મુકુંદપ્રસાદદાસજી, ભક્તિ સ્વામી, બ્રહ્મચારી સ્વામી તથા ભક્તિ સ્વામી અત્રે પધાર્યા હતા અને કથા-વાર્તા સત્સંગનો લાભ આપ્યો હતો. સભાનું યજમાનપદ પ.ભ. સી.ટી. પટેલે સંભાળ્યું હતું. કથાવાર્તા સત્સંગથી હરિભક્તએ સત્સંગની દૃઢતા પ્રાપ્ત કરી છે.

(ઘનશ્યામભાઈ)

ભલગામડા (મૂળી)મંદિરમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ભલગામડા ખાતેના આપણા મંદિરમાં એક વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી મુકુન્દપ્રસાદદાસજી અને મૂળીધામના સંત મંડળે કથા-કીર્તન અને ધૂન સત્સંગ દ્વારા હરિભક્તોને ભક્તિ-રસ પીરસ્યો હતો. પ.ભ. સજુભા રાણા (તાવી) આ સભામાં પધાર્યા હતા. ભલગામડા અને આસપાસના સત્સંગી કુટુંમ્બોને કીર્તન-ભક્તિનો લાભ મળ્યો હતો. (હકૂભા)

સુરેન્દ્રનગર મંદિરમાં રમણીય હિંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને આ મંદિરના મહંત સ્વામી સ.ગુ. પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી પવિત્ર અધિક શ્રાવણ અને શ્રાવણ માસ દરમ્યાન હિંડોળા દર્શનનો રમણીય કાર્યક્રમ યોજાયો હતો. બે-માસ દરમ્યાન નિત્ય નવિન હિંડોળા વિવિધ પદાર્થોમાંથી રચીને ઠાકોરજીને હિંડોળે ઝૂલાવ્યા હતા. છેલ્લા અઠવાડીયામાં એકી સાથે બાર કલાત્મક હિંડોળા બનાવીને ચલણીનોટો, અનાજ, કઠોળ, સૂકોમેવો, થર્મોકોલ જેવા વિવિધ દ્રવ્યોના હિંડોળામાં ઠાકોરજીને ઝૂલાવ્યા હતા. કલાત્મક હિંડોળાના નિર્માણમાં સ.ગુ. શા.સ્વા. સત્યસ્વરૂપદાસજીએ સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સ્થાનિક સંતમંડળ અને યુવક મંડલના સત્સંગી સભાસદોએ સાથે મળીને હિંડોલા રચ્યા હતા.

પવિત્ર અધિક શ્રાવણના વિશેષ કાર્યક્રમમાં ધર્મશાસ્ત્ર 'સત્સંગી જીવન'નું પારાયણ યોજવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી સ.ગુ. પ્રેમવલ્લભદાસજીએ વક્તા પદ શોભાવી હરિભક્તોને દિવ્ય આનંદ આપ્યો હતો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

સુરેન્દ્રનગર મંદિરમાં ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અત્રેના મંદિરમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધનું સપ્તાહ પારાયણ દિનાક ૮-૯-૦૪ના રોજ થી યોજવામાં આવ્યું હતું. સ.ગુ. સ્વામી શા. સત્યસ્વરુપદાસજીએ મુખ્ય વક્તા તરીકે કથા-રસનું પાન કરાવ્યું હતું. વિશાળ ભક્ત સમુદાયને ભાગવત કથાનો લાભ મળ્યો છે.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

સુરેન્દ્રનગર નૂતન મંદિરના નિજમંદિરમાં બારસાખનું પૂજન વિધિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના આ નૂતન મંદિરનું નિર્માણ લગભગ ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે થઈ રહ્યું છે. આ શિખરબંધ ભવ્ય મંદિર રાજસ્થના ગુલાબી પથ્થર અને પરંપરાગત શિલ્પ સ્થાપત્ય સાથે તૈયાર થઈ રહ્યું છે.

નિજમંદિરના શુદ્ધ આરસપહાણમાં કલાત્મક શિલ્પ-કલાથી અલંકૃત કરેલ બારસાખનો વેદ-વિધિ યુક્ત પૂજનવિધિ પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે જન્માષ્ટમીના શુભ દિને સમ્પન્ન થયો. આ પ્રસંગે પ.પૂ. વહુજી મહારાજ તથા શ્રીરાજા શુભ પ્રસંગોમાં આશીર્વાદ-દર્શનનો લાભ આપવા ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ મૂળી વગેરે મહામંદિરોમાંથી સંતો અને આસપાસના ત્રીશ ગામોના હરિભક્તો શુભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પૂજનનો શાસ્ત્રોક્ત વિધિ ગોર શ્રીઅમૃતભાઈ દ્વારા યજમાનોએ કરાવ્યો હતો. કાર્યક્રમની વ્યવસ્થા કોઠારી સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજીએ સંભાળી હતી. સ્થાનિક નરનારાયણદેવ યુવક મંડળે સત્સંગી સમુદાયની સેવા કરીને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. મંદિર નિર્માણ પૂર્ણ થવાની તૈયારીમાં છે. અને મૂર્તિ પ્રતિષ્ઠા વિધિની શુભ તિથિ ટૂંક સમયમાં આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નિશ્ચિત થશે. દેવ-સેવાની ઈચ્છા ધરવતા હરિભક્તો એ મહંત સ્વામીનો સંપર્ક સાધવો.

ઘનશ્યામનગર (હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી ચાલતા અત્રેના શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સંપ્રદાયના શિક્ષણ વિભાગની પરીક્ષાઓનું સંચાલન કર્યું હતું. એકંદર ૪૦ મુમુક્ષુ યુવાનોએ પરીક્ષામાં ભાગ લીધો હતો. આ પરીક્ષામાં દસ પરીક્ષાર્થી પ્રથમ નંબરે આવ્યા હતા. એક પરીક્ષાર્થી બીજા સ્થાને અને ત્રણ પરીક્ષાર્થી ત્રીજા સ્થાને આવ્યા હતા અને અનુક્રમે ૧૦૦%, ૯૯% અને ૯૮% અંક પ્રાપ્ત કરીને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું. આ વિશેષ પ્રસંગે સત્સંગ-સભાનું આયોજન કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, ભગવાન શ્રીહરિ અને ભગવાન નરનારાયણદેવના મહિમાનું સંકીર્તન કર્યું હતું. હળવદના સંતોએ સત્સંગનો લાભ આપી ઈનામોનું વિતરણ કર્યું હતું. (ગોરધનભાઈ શિવાભાઈ - ન.ના.દેવ. યુવક મંડળ, ઘનશ્યામનગર)

વિદેશ સત્સંગ સમાચાર

પર્થ (ઓસ્ટ્રેલીયા I.S.S.O.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પર્થ-ઓસ્ટ્રેલીયામાં સત્સંગ પ્રવૃત્તિઓ ખૂબજ સારી ચાલે છે. ઓગસ્ટ-સપ્ટેમ્બર માસની સત્સંગ સભાઓ પ.ભ. હરેન્દ્રભાઈ દવે, જગદીશભાઈ ભુડિયા, ધનજીભાઈ ભુડીયા અને વિશ્રામભાઈ પીંડોરિઆ અને તેઓશ્રીના પરિવારો યજમાન પદે યોજવામા આવી હતી. પ્રત્યેક સત્સંગ સભામાં આ વિસ્તારના સત્સંગી પરિવારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ધૂન-કીર્તન કથા સત્સંગ સાથે વચનામૃત વાંચનનો સત્સંગ પણ નિયમિત યોજાય છે. સત્સંગનું ખૂબજ ઊંડુ જ્ઞાન ધરાવતા શ્રી જયેન્દ્રભાઈ સોની વચનામૃતના પાઠ સાથે વિવરણ પણ નિયમિત આપે છે. તા. ૭-૯-૦૪ના દિને જન્માષ્ટમીની ઉજવણી થઈ હતી. સભાની શરૂઆત કૃષ્ણભક્તિના કીર્તન કાર્યક્રમથી થઈ હતી અને ભાઈ બહેનોએ મર્યાદાપૂર્વક રાસોત્સવમાં ભાગ લીધો હતો. કૃષ્ણ જન્મની આરતી અને થાળ સાથે સભા સમાપ્ત થઈ હતી. જન્માષ્ટમીનું મહાપ્રસાદ ભોજન પ.ભ. પ્રીતેશભાઈ હીરાણી પરિવાર તથા ધનજીભાઈ ભુડિયા પરિવાર તરફથી હતું. આપણો અહીં નો સત્સંગ ઉત્તરોત્તર વધતો રહે એવી શ્રીહરિને પ્રાર્થના. (મંત્રી પર્થ)

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, બોલ્ટન (U.K.)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રુડા આશીર્વાદ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના મહંત સ.ગુ. હરિસ્વરુપદાસજી સ્વામીની આશીર્વાદાત્મક આજ્ઞાથી "કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ" તથા "મહિલા મંડળ" ની સ્થાપના અત્રે પધારેલા સંત મંડળના સંત સ.ગુ. શ્રીહરિદાસજી સ્વામી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણ સ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ બોલ્ટન મંદિરના શુભ સ્થળે તા. ૧૩-૮-૨૦૦૪ના રોજ સમ્પન્ન થઈ. પ્રથમ દિવસે જ બન્ને મંડળમાં ચાલીસ-ચાલીસ સભાસદો નોંધાયા અને બીજે દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સાક્ષાત્ દર્શનનો લાભ આપી સેવા પ્રવૃત્તિને આશીર્વાદ આપ્યા. ઉપરોક્ત બન્ને મંડળોએ પ્રત્યેક મંડળ તરફથી રૂા. ૨૫૦૦૧-૦૦ની સેવા નિર્માણધીન સ્વામિનારાયણ મ્યુઝીયમ માટે નોંધાવી છે.

યુવક મંડળ : પ્રમુખશ્રી મિતેશ વા. હાલાઈ (દહીસરા). ઉપ પ્રમુખશ્રી હરિશ વા. રાઘવાણી (બળદીયા) મંત્રીશ્રી હીરાલાલ રા. ભુડિયા (દહીસરા) વડીલ સભ્યશ્રી દેવજી વિશ્રામ અને વાગાજી કરસન.

મહિલા મંડળ : શર્મિલાબેન કા. ખિમાણી (દહીસરા), પ્રેમીલાબેન કા. વેકરીયા (બળદીયા), વાલબાઈ ક. રાઘવાણી (બળદીયા), માનબાઈ વા. હાલાઈ (મેઘપુર).

(દેવજીભાઈ ગાંગજીઆણી.)

બુવી-મેરીલેન્ડ વોશિંગ્ટન (I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી આ વિસ્તારમાં સત્સંગ પ્રવૃત્તિઓ સુચારુ રૂપે ચાલી રહી છે. ઓગસ્ટ માસની ૨૦મી તારીખે સાંજના બે કાલની સત્સંગ સભા યોજીને ધૂન-કીર્તન, વચનામૃતપાઠ, થાળ, આરતી અને નિત્ય નિયમ દ્વારા શ્રી હરિને પ્રસન્ન કર્યા હતા. (કનુભાઈ)

સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી સત્સંગ-સેવા સુચારુ રૂપે ચાલી રહે છે. નીચે પ્રમાણે સત્સંગ સભાનું આયોજન થયું હતું.

તા. ૧૧-૭-૦૪ મહેશભાઈ ત્રિવેદી
તા. ૨૫-૭-૦૪ અર્જુનભાઈ મહેતા
તા. ૮-૮-૦૪ મયંકભાઈ દવે
તા. ૧૪-૮-૦૪ હનુમાન ચાળીસા પાઠ- તનસુખભાઈ હાલાઈ
તા. ૨૨-૮-૦૪ હિતેશભાઈ જાનકી
તા. ૫-૯-૦૪ જન્માષ્ટમી ઉત્સવ અરુણભાઈ શાહ અને મહેન્દ્રભાઈ શાહ. જન્માષ્ટમીના દિવસે મંદિરમાં અન્નકુટ રખાયો હતો અને શ્રીકૃષ્ણ જન્મની ઉજવણી કરી હતી. (જીગર દરજી)

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુળ ધ્રાંગધ્રા

મૂળીધામ સંકલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુળ ધ્રાંગધ્રા સંચાલિત શ્રી તેજેન્દ્રપ્રસાદજી પી.ટી.સી. કોલેજના વિદ્યાર્થી શ્રી સુરેશભાઈ ધનજીભાઈ જાકાસણીયા સન. ૨૦૦૩-૦૪ની પી.ટી.સી. પ્રથમ વર્ષની પરીક્ષામાં ૮૩.૬૩% અંક મેળવી ગુજરાતમાં દસમાં ક્રમે તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. (સાધુ નિત્યપ્રકાશદાસ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. ગજ્જર સ્વીટીબેન ભરતભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે (હ. ધવલ)	કડી
૧૦૧-૦૦	પ.ભ. ભવરલાલ ખેતાજી પુરોહિત પુત્ર જન્મ પ્રસંગે	જોધાવાસ
૧૫૧-૦૦	પ.ભ. સોની લક્ષ્મીબેન લક્ષ્મણદાસ સુશીલાબેન ચોકસીની પૂણ્યતિથી નિમિત્તે	લાંઘણજ
૨૫૧-૦૦	પ.ભ. પટેલ સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પુત્ર જન્મ પ્રસંગે	વાવોલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ બાબુલાલ શામળદાસ દિશાંતની વર્ષ ગાંઠ નિમિત્તે	નરોડા
૫૦૧-૦૦	પ.ભ. અ.નિ. જીજીબેન રમણભાઈ પટેલની બીજી પૂણ્યતિથી નિમિત્તે મંદિરમાં રસોઈ આપી તે નિમિત્તે (હસ્તે પ.ભ. રમણભાઈ પટેલ સ્કીમ કમીટી સભ્યશ્રી)	પોર
૧૦૧-૦૦	પ.ભ. પંડ્યા મુદુલાબેન પી. શ્રીજી પ્રસન્નાર્થે	મણીનગર
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ સુપુત્ર જીગ્નેશે નવુ બાઈક ખરીદ્યુ તે નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ પ્રકાશભાઈ આશાભાઈ નવુ કલર ટીવી તથા વોશીંગ મશીન લાવ્યા	જમીયતપુરાવાળા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ આશાભાઈ મગનભાઈના પૌત્રે ચી. મિત પ્રકાશભાઈ અભિનય ક્ષેત્રે ઝંપલાવ્યું તે નિમિત્તે	જમીયતપુરાવાળા
૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી વનરાજ રામભાઈ બી.એફ.માં એડમીશન મળ્યુ તે નિમિત્તે	આમજા
૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી રામાભાઈ રાયસંગજી ભેંસ દુધ આપવાનું ચાલુ કર્યું તે નિમિત્તે	આમજા
૧૦૧-૦૦	પ.ભ. મારવી પી. આર. ચિ. ચિંતનને બેંગ્લોરમાં ડીફામમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	ધ્રાંગધ્રા
૧૦૦-૦૦	પ.ભ. મોદી ઘનશ્યામભાઈ નાથાલાલ ચિ. રોહીતને ઘેર બીજાપુત્રનો જન્મ થયો તે નિમિત્તે	પ્રાંતિજ
૧૦૧-૦૦	પ.ભ. શૈલેશભાઈ ચીનુભાઈ પટેલ સ્વ. કેશવલાલ છોટાલાલના સ્મરણાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. રાવળ હસમુખભાઈ જે અધિકમાસ નિમિત્તે	ભોપલ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર રંતીશ દિલીપકુમાર તા. ૧૪-૮-૦૪ના રોજ જન્મ દિવસ નિમિત્તે	પીલવાઈ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર કૃપા અનીલભાઈ તા. ૧૫-૮-૦૪ના જન્મ દિવસ નિમિત્તે	પ્રાંતીજ
૧૫૧-૦૦	પ.ભ. અ.નિ. પ્રજ્ઞાબેન રમેશભાઈ પટેલની દ્વદ્વી પુણ્યતીથી નિમિત્તે	બાકરોલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ધ્રુવેશકુમાર અશ્વીનભાઈની ૧૫ ઓગસ્ટના રોજ જન્મ દિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મોદી અંકિતકુમાર હસમુખભાઈ મીકેનીકલ એન્જીનીયરીંગ પરીક્ષા પાસ કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નટુભાઈ મોતીભાઈ ચિ. અલ્કેશભાઈને ત્યાં બાબાના શુભ જન્મ પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. સોની અલ્પેશ કીરીટભાઈ કોમ્પ્યુટર હાર્ડવેર એન્જી. પરીક્ષા પાસ કરી તથા સર્વીસ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નંદુભાઈ શીવાભાઈની સુપુત્રી ચિ. સેજલબેનને પી.ટી.સી.માં પ્રવેશ મળ્યો તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૫૦૧-૦૦	પ.ભ. ભાવસાર મનીષભાઈ ઘનશ્યામભાઈ નોકરી મળી તેનો પહેલો પગાર આપ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મારવી વ્રજેનકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૫૧-૦૦	પ.ભ. પટેલ સૂર્યાબેન બાબુભાઈ સ્વર્ગસ્થ વ્રજ કેતનભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે	અસલાલી
૧૦૦-૦૦	પ.ભ. પરમાર રમણીકભાઈ રામજીભાઈ નવુ મકાન લીધુ તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. લક્ષ્મણભાઈ કડીઆ શ્રીજી પ્રસન્નાર્થે	કલોલ
૧૦૧-૦૦	પ.ભ. સોની નીરાલી જયેશભાઈ કોમ્પ્યુટરની જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. તળાવિયા અશ્વીનભાઈ રણછોડભાઈ પુત્ર જન્મ પ્રસંગ નિમિત્તે	બાપુનગર
૨૦૦-૦૦	પ.ભ. પટેલ સુરેશભાઈ મફતલાલ "ઘનશ્યામ જ્વેલર્સ" નવી દુકાનનું ઉદ્‌ઘાટન તા. ૧-૯-૦૪ના રોજ નિમિત્તે	અમદાવાદ
૫૦૦-૦૦	પ.ભ. પાંચાણી નારણ રામજી દહીસરાવાળા તા. ૩૦-૫-૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સંજયને આશીર્વાદ આપવા પધારેલ તે નિમિતે	બોલ્ટન (યુ.એસ.એ.)
૧૦૧-૦૦	પ.ભ. કેશવલાલ મોહનલાલ ગોળવાલા ૯૧માં વર્ષ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર ગીતાબેન દશરથલાલ નવુ એકટીવા સ્કુટર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. એમ. જે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	થલતેજ
૧૦૦-૦૦	પ.ભ. મુકુંદભાઈ તથા કપિલાબેન કનુભાઈ ઈશ્વરભાઈ પટેલ ધામમાં ગયા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ભીખાલાલ કેશવલાલ ચિ. આર્તિકને યુ.કે.ના વિઝા મળ્યા તે નિમિત્તે	
૧૫૦-૦૦	પ.ભ. નારણભાઈ ધૂળાભાઈ ચિ. મેધા પ્રી.પી.ટી.સી.માં ૮૪%એ પાસ થઈ તે નિમિત્તે	સાચોદર
૧૦૧-૦૦	પ.પૂ.ધર્મજીવનદાસજી ગુરુ ગોવિંદપ્રસાદદાસજી સ્વામી મંદિર અમદાવાદ અયોધ્યા મંદિરમાં સુવર્ણ કળશ મહોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. પટેલ સતીશકુમાર પુરસોત્તમદાસ ચિ. જીનલ ધો.-૧૦માં ૭૭%થી પાસ થઈ તે નિમિત્તે	ઘોડાસર
૧૦૦-૦૦	પ.ભ. ચૌધરી દિલીપભાઈ બાલમુકુન્દભાઈ ચિ. વિષ્ણુભાઈને ત્યાં બાબાનો જન્મ થયો તે નિમિત્તે	બાલવા

૧૦૦-૦૦	પ.ભ. પટેલ ભાવનાબેન ગોવિંદભાઈ હેલીના જન્મ ખુશાલી નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ જયરાજભાઈ મોહનભાઈ ચિ. દીપલને એન્જીનીયરીંગમાં એડમીશન મળ્યુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. મધુસુદન કે. ભગત (માસીક કાર્યાલય)ના સુપુત્ર ચિ. કિન્તુને ફેમીલી સાથે ઓસ્ટ્રેલીયાના કાયમી વસવાટના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મહેન્દ્રભાઈ કે. વેગડ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. જગદીશભાઈ તળસીભાઈ ચાવડા બાબાના જન્મ પ્રસંગ નિમિત્તે	ઘુટકોટ-સુરત
૧૧૦-૦૦	પ.ભ. પટેલ મિતવા લલીતકુમાર ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	રાણીપ-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પરમાર ખોડુભાઈ શાંતિભાઈ ચિ. અશોકને ત્યાં હર્ષરાજના જન્મ પ્રસંગે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	પ.ભ. દૈવાનીબેન નટુભાઈ પટેલ મેડીકલમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. દયાળજીભાઈ મોહનભાઈ વરૂ નવુ મકાન લીધું તે નિમિત્તે	જીરાગઢ-સુરત
૧૫૧-૦૦	પ.ભ. સવિતાબેન કાંતિલાલ ટાંક (જીરાગઢવાળા) ચિ. બિપીનના સગપણ પ્રસંગ નિમિત્તે	કાંદીવલી-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. બાબુભાઈ જીણાભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરા રોડ
૧૦૧-૦૦	પ.ભ. હિરલ રામપરીયા તન્મય રામપીરયા હિરલના જન્મ દિવસ પ્રસંગે	પાર્લા-મુંબઈ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ મુકેશભાઈ ભાઈલાલભાઈ (કુહાવાળા) બોસ્ટનમાં મકાન ખરીદ્યું તે નિમિત્તે હ્યુસ્ટન (યુ.એસ.એ.)	
૧૫૧-૦૦	પ.ભ. હેમંતભાઈ ભાઈલાલભાઈ બોસ્ટનમાં મકાન રીદ્યું	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. પટેલ સુરેશભાઈ પ્રભુદાસ (ડરણવાળા) નવું રંગીન ટીવી ખરીદ્યું તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ભલાભાઈ મરઘાભાઈના સુપુત્ર ચિ. હસમુખભાઈને ત્યાં તા. ૨૧-૮-૦૪ના રોજ પુત્ર જન્મ થયો માધવગઢ	
૧૦૧-૦૦	પ.ભ. પ્રફુલ્લચંદ્ર રમણલાલ પંચાલ ચિ. જયની બાબરી ઉતરાવી	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મીનાક્ષીબેન કે. પટેલ ઉંઝા મહિલા કોલેજમાં નોકરી મળી તે નિમિત્તે	તેજપુરવાળા
૧૦૧-૦૦	પ.ભ. કા. પટેલ નટવરલાલ રમણલાલ અધીકમાસ તથા શ્રાવણમાસ નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ જીતેન્દ્રકુમાર રામજીભાઈ તા. ૧૦-૭-૯૯ ઉમંગના જન્મદિવસ પ્રસંગે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા રવિ પીયુષભાઈ જન્મદિવસ નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦	પ.ભ. મુક્તેજ રવિન્દ્રભાઈ પટેલને નોકરી મળી તે નિમિત્તે	નરોડા-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શૈલેશભાઈ ટી. (શ્રધ્ધા કેસેટવાળા) શ્રીજી પાન પાર્લરની નવી દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કાંતિભાઈ રાવજીભાઈ (પ્રેસવાળા) ડી.કે. હોલમાં પૂ. પી.પી. સ્વામીના વક્તાપદે ભક્ત ચિંતામણીના પારાયણ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જગદીશભાઈ ચીમનભાઈ ત્રાગડીઆ શ્રીજી પ્રસન્નાર્થે	ગાઠીલા-જૂનાગઢ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર જીતેન્દ્ર ઘનશ્યામભાઈ ચિ. મૈત્રીના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર જે. જે. હસ્તે હરિકૃષ્ણભાઈ શ્રીજી પ્રસ્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. પંચાલ શંકરલાલ ઈશ્વરલાલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	તલોદ
૧૦૦-૦૦	પ.ભ. આળીવાલા રૂપલબેન ઘનશ્યામભાઈ ધો.૧૨માં ૭૨%એ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ જયન જીતેન્દ્રભાઈ નોકરી મળી તે નિમિત્તે	ભાત
૧૦૧-૦૦	પ.ભ. જયંતીભાઈ ગજજર ચિ. હર્ષિતના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શૈલેષભાઈ ચીનુભાઈ નવો ફ્લેટ ખરીદ્યો તે નિમિત્તે	નારણપુરા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શૈલેષભાઈ ચીનુભાઈ રતીલાલ રામદાસના મોક્ષાર્થ અર્થે	નારણપુરા
૧૦૦-૦૦	પ.ભ. પટેલ મુકેશભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બાપુનગર
૧૦૧-૦૦	પ.ભ. પ્રિયાંક બટુકભાઈ શાહ (લીંબડીવાળા) નવી કાર લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. હંસાબેન મનોજભાઈ ઓપરેશન કરાવ્યું તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	પ.ભ. ધ્રુવીન સુરેન્દ્રભાઈ ગજજર પ્રથમ પગાર આપ્યો તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ લલીતાબેન ધીરજલાલ (વહેલાલવાળા) શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પરીખ નીતાબેન રાજેશકુમાર ચિ. અર્મીના લગ્ન પ્રસંગ નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર તેજસકુમાર કનુભાઈ નવુ ટી.વી.એસ. વીકટર લીધુ તે નિમિત્તે	સાણંદ
૧૦૧-૦૦	પ.ભ. સોની નવિનચંદ્ર ભીખાલાલ ચિ. કિરણના જન્મ દિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ચાવડા મિલુલ રણછોડભાઈને ત્યા કૃષ્ણરાજના જન્મ પ્રસંગે	બળોલવાળા-અમદાવાદ
૧૦૧-૦૦	અ.સૌ. હિરાબેન આર. ચાવડા ઉત્તરાંચલ યાત્રા અને ચિ. હિરેનના શુભ લગ્ન પ્રસંગે	બળોલવાળા-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મોદી સ્વાતી જે. ધો.-૧૨માં ઉતીર્ણ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મોરી ભીખુભાઈ જેઠુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા

૧૦૧-૦૦	પ.ભ. જાદવ ભગવાનભાઈ જેસીંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ભેટ	સુરેન્દ્રનગર
૨૦૦-૦૦	પ.ભ. પટેલ રશ્મીભાઈ બંસીભાઈ (જેતલપુર મંદિર) નવું એકટીવા લીધુ તે નિમિત્તે	બારેજા
૧૦૧-૦૦	પ.ભ. મોદી નટવરલાલ ચૂનીલાલ ભક્તિમાતાની પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૫૧-૦૦	પ.ભ. પટેલ જાનકી ચિમનલાલ પ્રથમ પગાર નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ બીપીનચંદ્ર કેશવલાલ વી.આર.એસ. લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જીયાણી રાહુલકુમાર રવજીભાઈ પી.આર. થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જાકારાણીયા પ્રેમજીભાઈ કાનજીભાઈ ચિ. હિરેન ધો.૧૦માં પાસ થયો તે નિમિત્તે	જેતપુર-મચ્છુ
૨૫૧-૦૦	પ.ભ. પટેલ બિન્દ્રા મહેન્દ્રભાઈ (દેઉસણાવાળા) જન્મ દિવસ પ્રસંગે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. પટેલ લીલાવતીબેન જયંતીભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦	પ.ભ. મોદી હર્ષદકુમાર ચૂનીલાલ બી.પી.એડ.માં પ્રવેશ મળ્યો તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	હિતેશભાઈ તથા જીગ્નેશભાઈ અ.નિ. રમેશભાઈ રાવજીભાઈની તા. ૩-૧૦-૦૪ના પ્રથમ પૂણ્યતિથી નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ઋતુલ જીગ્નેશભાઈ તા. ૬-૧૦-૦૪ના રોજ ઋતુલના જન્મ દિવસ પ્રસંગે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર હિનાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મણીબેન મરઘાભાઈ અધિક માસની ઉજવણી નિમિત્તે	(કાળીગામાવાળા) મુંબઈ

પવિત્ર અધિક માસમાં તા. ૧૫-૮-૨૦૦૪ના રોજ દિપાવલી (અ. શ્રાવણ વદ-૩૦)ના અન્નકૂટ મહોત્સવ ધામધુમથી ઉજવાયો

શ્રી નરનારાયણદેવના અન્નકૂટના યજમાન પદે : પ.ભ. ડૉ. કનુભાઈ ઈન્જીનીયર સહ પરિવારે લાભ લીધો હતો. શ્રી રાધાકૃષ્ણદેવના અન્નકૂટના યજમાન પદે : પ.ભ. ચોકસી મગનલાલ લીલાધર પરિવારે લાભ લીધો હતો. શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજના અન્નકૂટના યજમાન પદે : અ.નિ. ભાલજા સાહેબ (હ.ડૉ. હર્ષદભાઈ ઝીંઝુવાડીયા)એ લાભ લીધો હતો. શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાન પદે : બાબુભાઈ મણીલાલ શાહ - પ્રાંતિજવાળાએ લાભ લીધો હતો. શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજ તથા હવેલીના શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાન પદે : પ.ભ. ચંદ્રહાસ રસીકલાલ દેરાસરી (હ. બકુલાબેન)એ લાભ લીધો હતો.

કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનાર ભક્તોની યાદી

શ્રાવણ સુદી-૧ પ.ભ. રવજીભાઈ ખોડાભાઈ પટેલ, કેરાળાવાળા. પ.ભ. હિરાબેન હરગોવિંદભાઈ. પ.ભ. વસંતલાલ ગુલાબદાસ ભગત, સુરત **શ્રાવણ સુદી-૨** પ.ભ. અમીનાબેન શૈલેશકુમાર પટેલ **શ્રાવણ સુદી-૩** પ.ભ. શંકરભાઈ આદરભાઈ, ઝુંડાલ પ.ભ. કિંજલબેન જીજ્ઞાસુભાઈ, બાકરોળ. **શ્રાવણ સુદી-૪** પ.ભ. સોમાભાઈ અમીચંદ પટેલ, મોખાસણ. પ.ભ. ભરતભાઈ વાલજી વેકરીયા, બળદીયા-કચ્છ. **શ્રાવણ સુદી-૭** અ.નિ. અમૃતબેન ઉમેદદાસ. પ.ભ. સત્સંગીબહેનો, કાલુપુર. પ.ભ. વિરમભાઈ જેસંગભાઈ, ધનસુરા. પ.ભ. કાળીદાસ મંગળદાસ કડીયા, સોજા. **શ્રાવણ સુદી-૮** પ.ભ. મિસાલભાઈ હેમંતભાઈ પટેલ, નડિયાદ. **શ્રાવણ સુદી-૧૦** પ.ભ. જીજ્ઞેશકુમાર ભદ્રેશભાઈ ભગત, સુરત. **શ્રાવણ સુદી-૧૨** અ.નિ. પ્રેમજી કરસન ગોરસીયા, માધાપર-કચ્છ. પ.ભ. મણીબેન અમૃતલાલ પાટડીયા, રાજકોટ. **શ્રાવણ સુદી-૧૩** અ.નિ. શા. હરિમુકુદાસજીની સ્મૃતિ અર્થે. અ.નિ. નવિનચંદ્ર ગીરધરલાલ પટેલ. **શ્રાવણ સુદી-૧૪** પ.ભ. અંબાલાલ શીવદાસ પટેલ, વડુ. પ.ભ. ચૌધરી જેસંગભાઈ ગેમરજી ગલાબજી, બાલવા. પ.ભ. જાગૃતિબેન નરસીભાઈ વણોદ. **શ્રાવણ સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર, અમદાવાદ

શ્રાવણ વદી-૨ પ.ભ. રક્ષાબેન સોની. પ.ભ. કુવરબેન, સુરત. **શ્રાવણ વદી-૪** પ.ભ. અરવિંદભાઈ ગોવરધનદાસ, ડાંગરવા. **શ્રાવણ વદી-૭** પ.ભ. કનુભાઈ શંકરભાઈ પટેલ, વડોદરા. **શ્રાવણ વદી-૯** સ્વ. સોમાભાઈ ગોબરભાઈ, ડેમાઈ. **શ્રાવણ વદી-૧૦** પ.ભ. પ્રહલાદભાઈ આત્મારામ પટેલ, રાણીપ. **શ્રાવણ વદી-૧૩** પ.ભ. ઘનશ્યામભાઈ સોમાભાઈ પટેલ, સોજાવાળા-કલોલ. અ.નિ. તારાબેન પોપટલાલ ભાવસાર, અમદાવાદ. પ.ભ. લાલભાઈ ગોબરભાઈ ચૌધરી, બાળવા. **શ્રાવણ વદી-૧૪** પ.ભ. કાળીદાસ નાનાભાઈ પટેલ, ગોઠીબ. પ.ભ. કાંતિભાઈ પ્રાણભાઈ પટેલ, ઝુંડાળ. પ.ભ. યોગેન્દ્રસિંહ હરીચંદ્રસિંહ પુવાર, દિવડાકોલોની. અ.નિ. માનબાઈ હીરજી કેરાઈ, રામપર-વેકરા. પ.ભ. બળદેવભાઈ હિરાભાઈ, નડીયાદ. **શ્રાવણ વદી-૩૦** પ.ભ. નટવરલાલ જાલુપચંદભાઈ સોની, અમદાવાદ.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ગઢડા : ગઢપુરના સ.ગુ. ગવૈયા સ્વામી દેવપ્રસાદદાસજી તા. ૨૩-૮-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સુરેન્દ્રનગર : પ.ભ. નારણદાસ પોપટલાલા ઠક્કર (બળોલવાલા) શ્રાવણ સુદ-૯ના દિવસે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : ઉવારસદવાસી પ.ભ. અંબાલાલભાઈ પટેલના ધર્મપત્ની મંગુબા તા. ૪-૯-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : (ડૉ) જયેન્દ્રકુમાર યાજ્ઞિકના ધર્મપત્ની અને પ.ભ. (ઓડવોકેટ) જયંતકુમાર યાજ્ઞિકના માતુશ્રી ઉર્મિલાબેન તા. ૨-૯-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.




સુરેન્દ્રનગર મંદિરમાં બારશાખનું પૂજન અર્ચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સાથે પૂ.બાળ લાલજી મહારાજશ્રી



સુરેન્દ્રનગર મંદિરમાં પૂજનવિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સાથે પૂ.બાળલાલજી મહારાજશ્રી અને સંત મંડળ



જયપુર (રાજ.) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન




નારાયણઘાટ મંદિરમાં શ્રી ગણપતીનું પૂજન-અર્ચન પ.પૂ. બાળલાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે




કાંકરિયા મંદિરમાં શ્રીમહાદેવજીનું પૂજન અર્ચન કરતા પૂ.લાલજી મહારાજશ્રી સાથે પ.ભ. હરિકૃષ્ણભાઈ



જયપુર મંદિરમાં પાટોત્સવના યજમાન પ.ભ.ઠાકોરભાઈ સોમદાસ પટેલ(મેતપૂર) પરિવાર પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતાં સાથે સ્વા.ભક્તિનંદનદાસ



બોલ્ટન (U.K.) મંદિરમાં યુવા હરિભકતો મધ્યે બિરાજી દર્શન આપતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અલૌકિક સંકલ્પ પ્રસાદીના મ્યુઝિયમ માટે પોતાના ગુરૂ પરંપરાની શ્રીહરિની પ્રસાદીની તમામ વસ્તુઓ પ.પૂ. લાલજી મહારાજશ્રીને સમર્પિત કરતા અમદાવાદના વિભૂતિ ત્યાગ મૂર્તિ સંત પૂ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજી સાથે પૂ. મહંત સ્વામી

Praful Kharsani